" રવિવારની સાપ્તાહિક પૂર્તિ "
રસધાર

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 269 | AD - 2026, Jeth Vad -06 | Sunday, Dt. 05-07-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### દર વર્ષે ૨૦ કરોડ ચિપ ઉત્પાદનથી શરૂઆત, આગામી વર્ષોમાં ૫૦૦ કરોડ ચિપ બનાવવાનો લક્ષ્યાંક

# પીએમ મોદીના હસ્તે સાણંદમાં CG સેમિ. ના OSAT પ્લાન્ટનું લોકાર્પણ

સાણંદ,તા.૦૪

સાણંદ ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ CG સેમિની આઉટસોર્સ્ડ સેમિકન્ડક્ટર એસેમ્બલી એન્ડ ટેસ્ટ (OSAT) ફેસિલિટીનું લોકાર્પણ કર્યું હતું. આ સાથે છેલ્લા ચાર મહિનામાં દેશમાં ત્રીજા સેમિકન્ડક્ટર પ્લાન્ટમાં ચિપનું કોમર્શિયલ ઉત્પાદન શરૂ થયું છે. ગુજરાતમાં છેલ્લા પાંચ મહિનામાં ચારમાંથી ત્રણ પ્લાન્ટમાં ઉત્પાદન શરૂ થતાં રાજ્ય સેમિકન્ડક્ટર ક્ષેત્રમાં મહત્વનું કેન્દ્ર બની રહ્યું છે. કાર્યક્રમને સંબોધતા વડાપ્રધાન મોદીએ જણાવ્યું હતું કે, ભારતે પાંચ વર્ષ પહેલાં દેશને સેમિકન્ડક્ટર હબ બનાવવાનો સંકલ્પ લીધો હતો અને હવે તે દિશામાં ઝડપથી આગળ વધી રહ્યું છે. તેમણે કહ્યું કે, ‘‘સ્ટેપ બાય સ્ટેપ, બ્રિક બાય બ્રિક અને હવે ચિપ બાય ચિપ’’ ભારત પોતાની નવી ઔદ્યોગિક ઓળખ ઉભી કરી રહ્યું છે. મોદીએ જણાવ્યું કે, સાણંદની આ ફેસિલિટીમાં દર વર્ષે ૨૦ કરોડ ચિપનું ઉત્પાદન કરવામાં આવશે અને આગામી સમયમાં તેને વધારીને ૫૦૦ કરોડ ચિપ સુધી પહોંચાડવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે ઉત્પાદન ક્ષમતા સતત વધતી રહેશે અને ભારત વૈશ્વિક સપ્લાય ચેઈનમાં મહત્વની ભૂમિકા ભજવશે.તેમણે કહ્યું કે, લગભગ ૨૦ વર્ષ પહેલાં ગુજરાતમાં સેમિકન્ડક્ટર પ્લાન્ટ સ્થાપવાની યોજના તૈયાર કરી હતી. ગાંધીનગર અને પ્રાંતિજ નજીક જમીન પણ નક્કી કરવામાં આવી હતી, પરંતુ તે સમયે પ્રોજેક્ટ આગળ વધી શક્યો નહોતો. આજે



તે સપનું સાકાર થતાં તેમને ખૂબ સંતોષ અને આનંદ થયો હોવાનું તેમણે જણાવ્યું હતુ. વડાપ્રધાને પ્લાન્ટમાં કાર્યરત યુવા ઈજનેરો અને કર્મચારીઓ સાથે થયેલી મુલાકાતનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું કે, અહીં દેશના વિવિધ રાજ્યોના યુવાનો કાર્યરત છે અને તેમનો ટેકનોલોજી પ્રત્યેનો આત્મવિશ્વાસ ભારતના ઉજ્જવળ ભવિષ્યની સાબિતી છે. CG સેમિનો પ્લાન્ટ જાપાન અને થાઈલેન્ડના ઈન્ડસ્ટ્રી પાર્ટનર્સ સાથે મળીને કાર્ય કરી રહ્યો હોવાનું પણ તેમણે જણાવ્યું હતુ. મોદીએ જણાવ્યું કે, સાણંદમાં સેમિકન્ડક્ટર ક્લસ્ટર વિકસતાં અનેક નવી કંપનીઓ અને સહાયક ઉદ્યોગો પણ આવશે. જેના કારણે મોટા પ્રમાણમાં રોજગારીનું સર્જન થશે અને સ્થાનિક અર્થતંત્રને નવી ગતિ મળશે. તેમણે જણાવ્યું કે, એક ઉદ્યોગ બીજા ઉદ્યોગને જન્મ આપે છે અને ક્લસ્ટર આધારિત વિકાસ દેશની ઔદ્યોગિક શક્તિને મજબૂત બનાવે છે. તેમણે ભારતના મોબાઈલ ઉત્પાદન ક્ષેત્રની સિધ્ધિઓનો ઉલ્લેખ કરતાં કહ્યું કે, ૨૦૧૪ પહેલાં દેશ મોટા પ્રમાણમાં મોબાઈલ આયાત કરતો હતો, જ્યારે આજે ભારત વિશ્વમાં મોબાઈલ ઉત્પાદન ક્ષેત્રે અગ્રણી દેશોમાં સ્થાન ધરાવે છે. હવે ભારત માત્ર મોબાઈલ કે ઈલેક્ટ્રોનિક્સનું ઉત્પાદન નહીં કરે, પરંતુ સમગ્ર ઈલેક્ટ્રોનિક્સ ઉદ્યોગને ગતિ આપતી સેમિકન્ડક્ટર ચિપનું પણ ઉત્પાદન કરશે. સાથે જ ક્રિટિકલ મિનરલ્સ અને હાઈ-ટેક મટીરિયલ્સ ક્ષેત્રમાં પણ આત્મનિર્ભર બનવા માટે સરકાર સતત પ્રયાસ કરી રહી હોવાનું તેમણે જણાવ્યું હતુ. આ વર્ષની શરૂઆતમાં મેં કીધું હતું કે, વર્ષ ૨૦૨૬માં ૪ સેમિકન્ડક્ટર ફેસિલિટી શરૂ થઈ જશે. પરંતુ મારા મંત્રીએ કહી દીધું છે કે, ૪ નહીં ૫ શરૂ થઈ જશે. આજનું ભારત મોટા લક્ષ્ય રાખે છે અને સમયસર પૂર્ણ પણ કરે છે. અમારી નીતિઓ સ્થિરતા છે. અમારા નિર્ણયોમાં સ્પષ્ટતા છે અને એક્ઝિક્યુશનમાં ગતિ છે.

# ભારતના ગૃહમંત્રાલયે UAPA હેઠળ પાકિસ્તાનમાં બેઠેલા ૨૩ આતંકવાદીઓને જાહેર કર્યા

નવી દિલ્હી,તા.૦૪

પાકિસ્તાન પ્રેરિત આતંકવાદ સામે કડક વલણ અપનાવતા કેન્દ્ર સરકારના ગૃહ મંત્રાલયે મહત્વપૂર્ણ કાર્યવાહી કરી છે. પાકિસ્તાનમાં આશ્રય લઈ ભારત વિરોધી ગતિવિધિઓ ચલાવતા ૨૩ વ્યક્તિઓને ગેરકાનૂની પ્રવૃત્તિઓ પ્રતિબંધક અધિનિયમ (UAPA) હેઠળ સત્તાવાર રીતે આતંકવાદી જાહેર કરવામાં આવ્યા છે. ગૃહ મંત્રાલયના નોટિફિકેશન મુજબ આ તમામ વ્યક્તિઓ લશ્કર-એ-તૈયબા, જૈશ-એ-મોહમ્મદ અને અન્ય પ્રતિબંધિત આતંકવાદી



સંગઠનો સાથે સીધા સંકળાયેલા છે. તેઓ જમ્મુ-કાશ્મીરમાં આતંકીઓની ભરતી, સરહદ પારથી ઘૂસણખોરી, હથિયારોની હેરાફેરી તેમજ ડ્રોન મારફતે હથિયારો મોકલવાના કાવતરામાં સામેલ હોવાનું જણાવાયું છે. યાદીમાં સામેલ ત્રણ આતંકવાદીઓ વર્ષ ૨૦૧૬માં નગરટોટા આર્મી કેમ્પ પર થયેલા હુમલામાં જ્યારે બે આતંકવાદીઓ વર્ષ ૨૦૧૮માં સુંજવાન મિલિટરી સ્ટેશન પર થયેલા આતંકી હુમલામાં વોન્ટેડ છે. ગૃહ મંત્રાલયે લશ્કરના સ્થાપક હાફિઝ સઈદના નજીકના ત્રણ સાથી રાણા ઈફ્તિખાર, અબ્દુલ રઉફ અને હાફિઝ ખાલિદ વલીદના નામ પણ જાહેર કર્યા છે. રાણા ઈફ્તિખાર યુવાનોને જેહાદ માટે ઉશ્કેરવાનું કામ કરતો હોવાનું, અબ્દુલ રઉફ આતંકી પ્રવૃત્તિઓ માટે નાણાં એકત્ર કરતો હોવાનું અને હાફિઝ ખાલિદ વલીદ અનેક હુમલાનો માસ્ટરમાઈન્ડ હોવાનું જણાવાયું છે. ૪ જુલાઈ ૨૦૨૬ના રોજ આ ૨૩ નામ ઉમેરાયા બાદ UAPA હેઠળ વ્યક્તિગત આતંકવાદી જાહેર કરાયેલા લોકોની કુલ સંખ્યા હવે ૮૦ થઈ છે.

# અયોધ્યા બાદ હવે બદ્રીનાથ-કેદારનાથ ધામમાં દાનચોરીના આક્ષેપથી ખળભળાટ

દહેરાદૂન,તા.૦૪

ઉત્તરાખંડના પ્રસિધ્ધ બદ્રીનાથ ધામમાં દાનની રકમના સંચાલનમાં ગેરરીતિ થઈ હોવાના આક્ષેપો સામે આવતા મામલો ચર્ચાનો વિષય બન્યો છે. સોશિયલ મીડિયા પર આ અંગેની માહિતી અને વીડિયો વાયરલ થયા બાદ બદ્રીનાથ-કેદારનાથ મંદિર સમિતિ (BKTC)એ સમગ્ર ઘટનાની ગંભીર નોંધ લઈને તાત્કાલિક આંતરિક તપાસ શરૂ કરવાનો નિર્ણય લીધો છે.મંદિર સમિતિના અધ્યક્ષ હેમંત દ્વિવેદીએ




વીડિયો સંદેશમાં જણાવ્યું કે કરોડો ભક્તોની આસ્થા સાથે જોડાયેલા આ મુદ્દાને કોઈપણ રીતે હળવાશથી લેવામાં આવશે નહીં. વાયરલ થયેલા દાવાઓ સામે આવ્યા બાદ માત્ર ૨૪ કલાકની અંદર કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી છે. સમિતિના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર (CEO)એ દાનની ગણતરીની પ્રક્રિયામાં સામેલ તમામ કર્મચારીઓ અને અધિકારીઓને કારણદર્શક નોટિસ ફટકારી છે અને તેમની પાસેથી લેખિતમાં ખુલાસો માંગ્યો છે. ઉપરાંત સમગ્ર મામલાની નિષ્પક્ષ અને તથ્ય આધારિત તપાસ થાય તે માટે વિશેષ તપાસ સમિતિની રચના કરવાનો પણ પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે.સમિતિએ સ્પષ્ટ કર્યું છે કે તપાસ પૂર્ણ થયા બાદ જો કોઈપણ પ્રકારની ગેરરીતિ અથવા બેદરકારી સામે આવશે તો જવાબદાર લોકો સામે નિયમો મુજબ કડક કાર્યવાહી કરવામાં આવશે. હાલમાં સમગ્ર મામલે તપાસ ચાલી રહી છે અને તેના અહેવાલની રાહ જોવામાં આવી રહી છે.

### ઉજ્જૈનમાં યુવક સાયકલ સાથે તણાયો, કાનપુરની મેડીકલ કોલેજમાં પાણી ઘુસ્યા

# મુંબઈમાં સહિત દેશના અનેક રાજયમાં મુશળધાર વરસાદ

મુંબઈ,તા.૦૪

મહારાષ્ટ્રના મુંબઈ સહિત સમગ્ર મુંબઈ મેટ્રોપોલિટન રિજન (MMR)માં સતત વરસી રહેલા મુશળધાર વરસાદે જનજીવનને ભારે અસર પહોંચાડી છે. મુંબઈ, થાણે, પાલઘર, વસઈ, નાલાસોપારા અને ભિવંડી સહિતના વિસ્તારોમાં રસ્તાઓ પાણીમાં ગરકાવ થઈ ગયા છે અને અનેક નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાતા રહેણાંક સોસાયટીઓ ટાપુ જેવી બની ગઈ છે. ઘણા વિસ્તારોમાં વીજ પુરવઠો પણ ખોરવાઈ ગયો છે, જેના કારણે લોકોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. ભારતીય હવામાન વિભાગે મુંબઈ, થાણે, પાલઘર અને રાયગઢ માટે રેડ એલર્ટ જાહેર કરી આગામી કલાકોમાં વધુ ભારે વરસાદની આગાહી કરી



છે. પાલઘરના નાલાસોપારા ફાટા વિસ્તારમાં હાઈવે નજીક ઘૂંટણસમા પાણી ભરાતા વાહનવ્યવહાર ધીમો પડી ગયો છે. વસઈ પૂર્વનો સાતિવલી રોડ પણ પાણીમાં ગરકાવ થતાં હજારો મુસાફરોને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.વસઈ પૂર્વની મીઠાગર વસાહતમાં સૌથી ગંભીર સ્થિતિ જોવા મળી છે. સમગ્ર વિસ્તાર પાણીમાં ડૂબી જતા અંદાજે ૧૨૦ પરિવારોના ૩૦૦થી ૪૦૦ લોકો ઘરોમાં જ રહેવા મજબૂર બન્યા છે. પૂરના કારણે વીજ પુરવઠો બંધ થતાં મુશ્કેલીઓમાં વધુ વધારો થયો છે. બીજી તરફ મધ્યપ્રદેશના ભોપાલ, ઈન્દોર સહિત ૨૬થી વધુ જિલ્લાઓમાં ભારે વરસાદ નોંધાયો હતો. ઉજ્જૈનમાં પુલિયા પાર કરતી વખતે એક યુવક મોટરસાયકલ સાથે પાણીમાં તણાઈ ગયો હતો. ઉત્તર પ્રદેશના અનેક જિલ્લાઓમાં પણ ભારે વરસાદથી જનજીવન પ્રભાવિત બન્યું છે.






## શ્રધ્ધાસુમન



વિદાય લીધી તમે દુનિયાથી, પણ હૃદયથી વિદાય નહિ થાય, તમારા આપેલા સંસ્કારોની સુવાસ, આ જીવનમાં ક્યારેય ઓછી નહિ થાય. ‘‘હે ઈશ્વર’’ દિવંગત આત્માને આપના ચરણોમા સ્થાન અર્પો, તળાવીયા પરિવાર પર આવેલ આ દુઃખ સહન કરવાની શક્તિ અર્પો એ જ પ્રાર્થના

ઓમ શાંતિ....ઓમ શાંતિ.... ઓમ શાંતિ...

**સ્વ.ભાનુબેન વિઠ્ઠલભાઈ તળાવીયા**
સ્વ.તા.૦૪/૦૭/૨૦૨૬, જેઠ વદ ચોથ, શનિવાર

લી.


| | | |
|---|---|---|
| હિંમાશુભાઈ એમ. ધાનાણી | તુષારભાઈ હપાણી | અમીનભાઈ ઠેબા |
| જીતેન્દ્રસિંહ પલવાર | વિશાલભાઈ સાવલીયા | કમલેશભાઈ ખોખર |
| હિરેનભાઈ ખંભાયતા | મયુરભાઈ હુંમર | જયેશભાઈ ચૌહાણ |
| કેતનભાઈ ગોહિલ | ઋત્વીજભાઈ કાબરીયા | જયદિપભાઈ ગોહિલ |
| અંકીતભાઈ અજાણી | ભાવીનભાઈ રૂપારેલીયા | વિધીબેન ગોરખીયા |
| દિપકભાઈ દવે | હરેશભાઈ મંડોરા | બ્રિન્દાબેન ગોરખીયા |
| જયેશભાઈ હિરપરા | હિતેષભાઈ સંઘાણી | દેવાંગીબેન માંડાણી |

ડિઝાઈન પોઈન્ટ સ્ટાફ તથા સાઈટ સુપરવાઈઝર અમરેલી

## અમરનાથ ગુફામાં બાબા બરફાનીનું શિવલિંગ ઘટીને ૪ ફૂટનું થયુ

શ્રીનગર,તા.૦૪

અમરનાથ ગુફામાં બનનારા પવિત્ર હિમલિંગનું કદ હવે ઘટીને અંદાજે ૪ ફૂટ રહ્યું છે. ૨૩ મેના રોજ બીએસએફના જવાનોએ જાહેર કરેલી તસવીરમાં હિમલિંગ લગભગ ૭ ફૂટનું જોવા મળ્યું હતું. જ્યારે ૨૯ જૂને પ્રથમ પૂજાના દિવસે તેની ઊંચાઈ ૫ ફૂટથી વધુ હતી. ૩ જુલાઈએ સામે આવેલી નવી તસવીરમાં હિમલિંગની ઊંચાઈ અને પહોળાઈ બંનેમાં ઘટાડો જોવા મળ્યો છે. શનિવારે યાત્રાનો બીજો દિવસ છે. પહેલા દિવસે ૧૨ હજારથી વધુ યાત્રાળુઓએ દર્શન કર્યા હતા. બીજો જથ્થો આજે પહોંચશે અને ત્રીજો જથ્થો ભગવતી નગર બેઝ કેમ્પથી રવાના થયો છે.

સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
રવિવાર, તા.૦૫-૦૭-૨૦૨૬

**અમરેલીથી વિસાવદર સુધી બ્રોડગેજની વ્યાજબી માંગ સાથે**

# ગાંધીનગર મુખ્યમંત્રીને રજુઆતો કરવા સોમવારે પ્રતિનિધિ મંડળ પહોંચશે

અમરેલી,તા.૦૪

લાખો લોકો માટે ઉપયોગી બ્રોડગેજ સુવિધા ની વ્યાજબી માંગ સાથે ધારી પત્રકાર સંઘ, અમરેલી બ્રોડગેજ કમેટી, ધારી-ચલાલા-વિસાવદરના પ્રતિષ્ઠિત આગેવાનો આગામી તારીખ ૦૬ને સોમવારે બપોરે રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને રૂબરૂ રજુઆત કરવા માટે પહોંચશે. આ વેળાએ રાજ્ય કક્ષાના મંત્રી કૌશિક ભાઈ વેકરીયા, ધારાસભ્ય જેવી કાકડીયા, હીરા ભાઈ સોલંકી, મહેશભાઈ કસવાલા, જનકભાઈ તળાવીયાની સાથોસાથ કિસાન મોરચાના પ્રમુખ હીરેન હીરપરા તેમજ શિક્ષક શાંતિલાલ પરમાર ખાસ હાજરી આપીને અમરેલીથી વિસાવદર સુધી બ્રોડગેજ સુવિધા માટેની યોગ્ય રજૂઆત કરશે. ઉલ્લેખનીય છે કે અમરેલીથી વિસાવદર સુધી બ્રોડગેજ સુવિધા




કરવામાં આવે તો ચલાલા, ધારી, વિસાવદર વિસ્તારના લાખો લોકોને મોટા શહેરો સાથે કનેક્ટીવીટી મળશે અને આ સુવિધાથી વેપાર અને ઉદ્યોગને પ્રોત્સાહન મળશે. આ વિસ્તારના લાખો લોકો સુરત અમદાવાદ વડોદરા મુંબઈ જેવા શહેરો સાથે વેપારથી સંકળાયેલા છે ત્યારે બ્રોડગેજનાં માધ્યમથી મુસાફરીની સાથોસાથ પરિવહનને પણ વેગ મળશે. આંબરડી સફારી પાર્ક, ગળધરા ખોડીયાર મંદિર, સતાધાર,પરબધામ તેમજ ગીર જંગલના પ્રવાસે આવતા પ્રવાસીઓની સંખ્યામાં પણ વધારો થશે અને પર્યટન સ્થળોનો વિકાસ થશે.

# શેડુભારમાં રોડના ચાલુ કામમાં ભ્રષ્ટાચારની આશંકા, ગ્રામજનોએ ઉઠાવ્યા સવાલ

અમરેલી,તા.૦૪

અમરેલી તાલુકાના શેડુભાર ગામમાં ચાલી રહેલા રોડના કામને લઈને ભ્રષ્ટાચારની આશંકા વ્યક્ત કરવામાં આવી છે. ગ્રામજનોના જણાવ્યા મુજબ કામ પૂર્ણ થાય તે પહેલાં જ રોડ પર તિરાડો અને ગાબડા પડવા લાગ્યા છે, જેના કારણે કામની ગુણવત્તા સામે સવાલો ઉભા થયા છે. પૂર્વ ઉપસરપંચ અને



ગામના લોકોએ સ્થળ પર વિરોધ નોંધાવી જવાબદાર અધિકારીઓનું ધ્યાન દોર્યું હતું. ગ્રામજનોએ આરએમબીના અધિકારીઓ સમક્ષ સમગ્ર કામની તટસ્થ તપાસ કરાવી જવાબદારો સામે યોગ્ય કાર્યવાહી કરવાની તેમજ ગુણવત્તાયુક્ત રોડનું કામ કરાવવાની માંગ કરી છે.

# દામનગરના નવા પુલ પર વરસાદી પાણી ભરાતા વાહનચાલકો પરેશાન

દામનગર,તા.૦૪

દામનગરમાં અંદાજે આઠ વર્ષ પહેલા રૂ. દોઢ કરોડના ખર્ચે બનાવવામાં આવેલા નવા પુલ પર વરસાદ પડતા જ પાણી ભરાઈ જવાની સમસ્યા ફરી સામે આવી છે. પુલ પર વરસાદી પાણીનો એટલો ભરાવો થાય છે કે જાણે ચેક ડેમ કે નાનું તળાવ બની ગયું હોય તેવા દ્રશ્યો સર્જાય છે. પાણીના નિકાલ માટે બનાવેલા સાઈડના પાઈપોમાં કચરો



ભરાઈ જવાથી પાણી બહાર નીકળી શકતું નથી. પરિણામે પસાર થતા વાહનોના કારણે રાહદારીઓ પર પાણી ઉડે છે અને વાહનચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે. સ્થાનિકોમાં પ્રિ-મોન્સૂન કામગીરી યોગ્ય રીતે ન થઈ હોવાના આક્ષેપ ઉઠ્યા છે. વરસાદી મોસમ દરમિયાન અકસ્માતનો ભય પણ ઉભો થયો છે. સ્થાનિકોએ તંત્રને તાત્કાલિક પાઈપોની સફાઈ કરી પાણીના નિકાલની વ્યવસ્થા સુચારુ બનાવવા માંગ કરી છે.

# મનિષ સંઘાણીના માર્ગદર્શન નીચે દામનગર ખાતે સહકારી સેમિનાર યોજાયો

અમરેલી,તા.૦૪

અમરેલી જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ અને યુવા નેતા મનીષ સંઘાણીના માર્ગદર્શન હેઠળ તા. ૨૯/૦૬/૨૦૨૬થી તા. ૦૬/૦૭/૨૦૨૬ સુધી ઉજવાઈ રહેલા સહકાર સપ્તાહ અંતર્ગત દામનગર ગુરુકુળ ખાતે યુથ અને મહિલા સહકારી સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. સેમિનારની અધ્યક્ષતા મનીષ સંઘાણીએ કરી હતી. કાર્યક્રમમાં અમરેલી



જિલ્લા સહકારી સંઘના એક્ઝિક્યુટિવ ઓફિસર ભાર્ગવ ત્રિવેદી તેમજ ગુરુકુળના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. પોતાના સંબોધનમાં મનીષ સંઘાણીએ યુવાઓને યુથ કો-ઓપરેટિવ સાથે જોડાવા તેમજ મહિલાઓને સહકારી પ્રવૃત્તિઓમાં સક્રિય ભાગીદાર બનવા અપીલ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે સહકારી ક્ષેત્રમાં યુવા શક્તિ અને મહિલા શક્તિની ભાગીદારી વધવાથી વિકાસને નવી દિશા મળશે. કાર્યક્રમ દરમિયાન સહકારી ક્ષેત્રના વિવિધ મુદ્દાઓ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે અમરેલી જિલ્લા સહકારી સંઘના સી.ઈ.આઈ. સાગર મહેતાએ આયોજન અને વ્યવસ્થાની જવાબદારી નિભાવી હતી. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં યુવાનો અને મહિલાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# લાયન જયેશભાઈ કે. પંડયાને બેસ્ટ ડિસ્ટ્રિક્ટ રિજિયન ચેરપર્સન એવોર્ડ

અમરેલી, તા.૦૪

લાયન્સ ક્લબ ઈન્ટરનેશનલ ડિસ્ટ્રિક્ટ ૩૨૩૨J વર્ષ ૨૦૨૫-૨૬ માટે રિજિયન ચેરપર્સન તરીકે સેવાઓ આપી રહેલા લાયન જયેશભાઈ કે. પંડ્યાને બેસ્ટ ડિસ્ટ્રિક્ટ રિજિયન ચેરપર્સનનો પ્રતિષ્ઠિત એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. આ સન્માન ડિસ્ટ્રિક્ટ ગવર્નર લાયન અભયભાઈ શાહના હસ્તે આપવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન ૧૬ પાસ્ટ ડિસ્ટ્રિક્ટ ગવર્નરોની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. જયેશભાઈ પંડ્યાએ વર્ષ



દરમિયાન કરેલી ઉત્કૃષ્ટ સેવાઓ, નેતૃત્વ અને વિવિધ સામાજિક પ્રવૃત્તિઓમાં આપેલા નોંધપાત્ર યોગદાનને ધ્યાનમાં રાખીને આ એવોર્ડથી નવાજવામાં આવ્યા હતા.

# મારવાડી વણકર સમાજ વિદ્યાર્થી સન્માન સમારોહ

બગસરા, તા.૦૪

ગુજરાત મારવાડી વણકર વિકાસ ટ્રસ્ટ, બગસરા તરફથી કાઠિયાવાડમાં વસતા સમાજના તમામ ભાઈ-બહેનોને જણાવવામાં આવે છે કે આપણી જ્ઞાતિનો ૧૪મો વિદ્યાર્થી સન્માન કાર્યક્રમ જુના-વાઘણીયા મુકામે યોજાનાર છે. આથી ધોરણ ૧ થી ૧૨ ના તમામ વિદ્યાર્થીઓએ પોતાની માર્કશીટ પોતાના ગામના પ્રતિનિધિને વહેલી તકે પહોંચાડવી. આ ઉપરાંત સમાજના નિવૃત્ત તથા નવનિયુક્ત કર્મચારીઓ, હોમગાર્ડ, ડોક્ટર્સ, એન્જિનિયર્સ અને વિશિષ્ટ સિધ્ધિ મેળવનાર તમામ વ્યક્તિઓએ પણ પોતાની સચોટ માહિતી ગામના પ્રતિનિધિને આપવા પ્રમુખશ્રી બાબુભાઈ આર. બાજકની યાદીમાં જણાવાયું છે.

**અમરેલી જિલ્લા ખોડલધામ સમાધાન પંચના અધ્યક્ષનું સન્માન**



અમરેલી જિલ્લા ખોડલધામ સમાધાન પંચના અધ્યક્ષ સુરેશ દેસાઈનું જયસુખભાઈ દેસાઈ, કાળુભાઈ ધામી અને ભગવાનભાઈ દેસાઈએ શાલ ઓઢાડી સન્માન કર્યુ હતુ.

# અમરેલી હેડ પોસ્ટ ઓફિસમાં આધારકાર્ડ સેવાઓનો સમય વધારાયો

**હવે સવારે ૮થી રાત્રે ૮ વાગ્યા સુધી મળશે સેવા**

અમરેલી,તા.૦૪

અમરેલી હેડ પોસ્ટ ઓફિસ ખાતે આધારકાર્ડ સંબંધિત સેવાઓ મેળવતા નાગરિકોની વધતી સંખ્યાને ધ્યાનમાં રાખીને સેવાઓના સમયગાળામાં વધારો કરવામાં આવ્યો છે. સુપ્રિટેન્ડેન્ટ ઓફ પોસ્ટ ઓફિસીસ, અમરેલી ડિવિઝનના વીરડાના આદેશ અનુસાર હવે આધારકાર્ડની તમામ સેવાઓ દરરોજ સવારે ૦૮:૦૦ વાગ્યાથી રાત્રે ૦૮:૦૦ વાગ્યા સુધી ઉપલબ્ધ રહેશે. આ સુવિધા જાહેર રજાના દિવસો સિવાય અમલમાં રહેશે. આ નિર્ણયનો મુખ્ય હેતુ શ્રમિકો, વિદ્યાર્થીઓ, નોકરિયાત વર્ગ તેમજ સામાન્ય નાગરિકોને વધુ અનુકૂળ સમયે સેવા મળી રહે અને લાંબી રાહ જોવી ન પડે તે છે. પોસ્ટ ઓફિસ ખાતે આધારકાર્ડની નવી નોંધણી ઉપરાંત નામ, સરનામું, જન્મ તારીખ, મોબાઈલ નંબર, ઈ-મેઈલ, બાયોમેટ્રિક સહિતની તમામ સુધારણા સેવાઓ આપવામાં આવશે. આધારકાર્ડ સંબંધિત કામગીરી માટે અરજદારે યુઆઈડીએઆઈના નિયમો મુજબ જરૂરી મૂળ દસ્તાવેજો સાથે હાજર રહેવું ફરજિયાત રહેશે. ભારતીય ટપાલ વિભાગ દ્વારા નાગરિકોને પારદર્શક, ઝડપી અને ગુણવત્તાસભર સેવાઓ ઉપલબ્ધ કરાવવા સતત પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. સેવાઓ દરમિયાન કોઈ મુશ્કેલી કે ફરિયાદ હોય તો જનસંપર્ક અધિકારી કિશોરભાઈ ભટ્ટનો સંપર્ક નંબર ૯૪૨૭૫૫૭૩૫૦ અથવા ૦૨૭૯૨-૨૨૩૨૮૮ પર સંપર્ક કરી શકાય છે. આ વિસ્તૃત સમયનો લાભ લેવા જિલ્લા વાસીઓને અનુરોધ કરવામાં આવ્યો છે.

# અયોધ્યામાં દાનચોરીના દોષિતોને કડક સજા કરવાની અમરેલી વિ.હિં.પ.ની માંગ

અમરેલી,તા.૦૪

અમરેલી જિલ્લા વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા અયોધ્યા રામ મંદિરના દાન વ્યવસ્થાપન મામલે સામે આવેલી કથિત ગેરરીતિને ગંભીર ગણાવી સરકાર સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી. અહેવાલો મુજબ આ સમગ્ર મામલે એસઆઈટી દ્વારા તપાસ ચાલી રહી છે અને દાન વ્યવસ્થામાં કેટલીક પ્રક્રિયાગત ખામીઓ સામે આવ્યાના દાવા વચ્ચે તપાસ વધુ ગહન બનાવવામાં આવી છે. જિલ્લા અધ્યક્ષ વિજયભાઈ દેસાઈ તેમજ કાર્યકરો અને સભ્યોએ માંગ કરી હતી કે સમગ્ર કેસની સુનાવણી ફાસ્ટ ટ્રેક કોર્ટમાં કરવામાં આવે અને જો કોઈ દોષિત સાબિત થાય તો તેની સામે કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવે. વિશ્વ હિન્દુ પરિષદે જણાવ્યું હતું કે રામ મંદિર કરોડો હિંદુઓની આસ્થા અને સંસ્કૃતિનું કેન્દ્ર હોવાથી આ મામલે કોઈપણ પ્રકારની ઢીલાશ રાખવી યોગ્ય નથી. પારદર્શક અને નિષ્પક્ષ તપાસથી જ શ્રધ્ધાળુઓનો વિશ્વાસ જળવાઈ રહેશે. વિજયભાઈ દેસાઈએ સરકારને ઝડપી કાર્યવાહી કરવા અપીલ કરી હતી.

**પ્રમુખ વિજય દેસાઈ તેમજ સભ્યોએ સરકારને ઝડપી કાર્યવાહી કરવા અપીલ કરી**









**સતાધારના મહંત વિજયબાપુ અને રાજ્યના ઉર્જામંત્રી કૌશિક વેકરીયાની ઉપસ્થિતિમાં**

# અમરેલીના સરંભડા ગામે સુવિધાપથનું લોકાર્પણ

અમરેલી,તા.૦૪

અમરેલી જિલ્લાના સરંભડા ગામ ખાતે ઊર્જા અને કાયદો રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે સતાધારના મહંત વિજયબાપુની પ્રેરક ઉપસ્થિતિમાં વિવિધ વિકાસલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. ગામના સર્વાંગી વિકાસને પ્રોત્સાહન આપતા અનેક કાર્યોનું લોકાર્પણ તેમજ ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ગ્રામજનો, આગેવાનો અને વિવિધ ક્ષેત્રના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમ દરમિયાન રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ અંદાજે રૂ.૬૦ લાખના ખર્ચે નિર્માણ પામેલા સુવિધા પથનું લોકાર્પણ કર્યું હતું. આ માર્ગ ગ્રામજનોને સમર્પિત કરવામાં આવ્યો હતો. નવા સુવિધા પથના નિર્માણથી ગામના લોકો માટે અવરજવર વધુ સરળ, સુરક્ષિત અને સુવિધાજનક બનશે. સાથે જ ગામના વિકાસને નવી દિશા મળશે અને દૈનિક જીવનમાં પણ તેનો સીધો લાભ મળશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી. ત્યારબાદ સરંભડા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. રાજ્યમંત્રીએ વૃક્ષારોપણ કરી પર્યાવરણના સંરક્ષણ અને હરિયાળા ગુજરાતના નિર્માણનો સંદેશ આપ્યો હતો. તેમણે વધુમાં વધુ વૃક્ષો વાવવા અને તેનું યોગ્ય



જતન કરવા સૌને અપીલ કરી હતી. આ પ્રસંગે શાળા પરિસરમાં નિર્માણ પામનાર પુરસંરક્ષણ દિવાલનું ખાતમુહૂર્ત પણ કરવામાં આવ્યું હતું. આ દિવાલ બન્યા બાદ શાળાના પરિસરની સુરક્ષા વધુ મજબૂત બનશે તેમજ વરસાદી પાણીથી થનારી સંભવિત નુકસાની સામે પણ રક્ષણ મળશે. કાર્યક્રમ દરમિયાન દાતાશ્રીઓના સહયોગથી નિર્માણ પામેલા ગામના ભવ્ય પ્રવેશદ્વારનું પણ લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ગામની ઓળખને નવી ઓળખ આપતું અને સૌંદર્યમાં વધારો કરતું આ પ્રવેશદ્વાર સ્થાનિકો માટે ગૌરવનું પ્રતિક બનશે. દાતાશ્રીઓના સહયોગથી થયેલા આ કાર્યની પણ પ્રસંશા કરવામાં આવી હતી.રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ જણાવ્યું હતું કે રાજ્ય સરકાર ગામડાંઓમાં પાયાની સુવિધાઓના વિકાસ માટે સતત પ્રતિબધ્ધ છે. માર્ગ, શિક્ષણ, સુરક્ષા અને પર્યાવરણ જેવા ક્ષેત્રોમાં સતત વિકાસના કાર્યો હાથ ધરવામાં આવી રહ્યા છે. વિકાસ કાર્યોમાં જનભાગીદારી અને દાતાશ્રીઓનો સહયોગ ગામોના સર્વાંગી વિકાસ માટે મહત્વપૂર્ણ સાબિત થઈ રહ્યો છે. તેમણે ગ્રામજનોને વિકાસ સાથે પર્યાવરણ પ્રત્યે પણ જવાબદારી નિભાવવાની અપીલ કરી હતી. કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના સભ્ય આશિષભાઈ અકબરી, મોટાભાઈ સંવટ, દલસુખભાઈ દુધાત, મુકેશભાઈ હરખાણી, આશિષભાઈ હરખાણી, શાળાના આચાર્ય દિગંત ઉપાધ્યાય સહિત ગામના આગેવાનો, ગ્રામજનો અને વિવિધ ક્ષેત્રના પ્રતિનિધિઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમ વિકાસ અને જનસહભાગિતાના માહોલ વચ્ચે સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

# અમરેલી ભાજપ શહેરમંડળ દ્વારા ધારી ખાતે પ્રશિક્ષણ વર્ગ યોજાયો

અમરેલી,તા.૦૪

અમરેલી શહેર મંડળ દ્વારા આયોજિત પ્રશિક્ષણ વર્ગમાં કાર્યકર્તાઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. પ્રશિક્ષણ દરમિયાન વક્તાઓએ ભારતીય જનતા પાર્ટીની વિચારધારા, સંગઠનની કાર્યપધ્ધતિ, પંચનિષ્ઠા, અંત્યોદયના સિધ્ધાંત તેમજ સેવા અને સમર્પણની ભાવના અંગે



માર્ગદર્શન આપ્યું હતું. ઉપરાંત કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓ વિશે પણ માહિતી આપવામાં આવી હતી. વક્તાઓએ જણાવ્યું કે આવા પ્રશિક્ષણ વર્ગોથી કાર્યકર્તાઓમાં વૈચારિક સ્પષ્ટતા, સંગઠન પ્રત્યેની નિષ્ઠા અને જનસેવા માટેની પ્રતિબધ્ધતા વધુ મજબૂત બને છે. સંગઠનને વધુ સશક્ત બનાવી રાષ્ટ્રહિતને સર્વોપરી રાખી સમાજના અંતિમ વ્યક્તિ સુધી વિકાસ અને સુશાસનનો લાભ પહોંચાડવાના સંકલ્પ સાથે કાર્ય કરવા માટે કાર્યકર્તાઓને પ્રેરણા આપવામાં આવી હતી.

# લીલીયામાં વરસાદી પાણીના નિકાલ માટે રેલવેને તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ

લીલીયા,તા.૦૪

લીલીયા મોટા તાલુકા પંચાયતના પ્રમુખ જગદીશભાઈ દેથલીયા અને ઉપપ્રમુખ વિજય કોગથીયાએ સ્ટેશન માસ્તર મારફત પશ્ચિમ રેલવેના ભાવનગર ડિવિઝન મેનેજરને આવેદન પાઠવ્યું છે. રજૂઆતમાં જણાવાયું છે કે રેલવે સ્ટેશનની દક્ષિણ





બાજુ આવેલા સાંઈનાથ પ્લોટ અને વેલનાથ પરામાં ચોમાસા દરમિયાન રેલવે લાઈન તરફથી વરસાદી પાણી ભરાતા કાચા મકાનો અને ઘરવખરીને ભારે નુકસાન થાય છે તેમજ જાનહાનિનો ભય રહે છે.

ઉત્તર બાજુ આવેલા પાણીના નિકાલના નાળાને તાત્કાલિક પહોળું કરી પાણીનો યોગ્ય નિકાલ કરવાની માંગ કરવામાં આવી હતી. કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# રાજુલા તાલુકાના પટવા ગામે ૧૦૮ એમ્બ્યુલન્સમાં સફળ પ્રસૂતિ ડિલિવરી

રાજુલા, તા.૦૪

ગુજરાત સરકાર દ્વારા કાર્યરત અને ઈએમઆરઆઈ ગ્રીન હેલ્થ સર્વિસીસ સંચાલિત રાજુલા તાલુકાની વિક્ટર ૧૦૮ એમ્બ્યુલન્સને ૩૦ જૂને મધરાતે પટવા ગામેથી સગર્ભાનો કેસ મળ્યો હતો. ટીમ તાત્કાલિક સ્થળે પહોંચી મહિલાને હોસ્પિટલ લઈ જતી હતી ત્યારે



તસવીર : ગોપાલ રાઠોડ

રસ્તામાં જ પ્રસૂતિની સ્થિતિ સર્જાતા એમ્બ્યુલન્સમાં જ સફળ ડિલિવરી કરાવી હતી. બાળકના ગળામાં ગર્ભનાળની બે આંટી હોવાથી ઈએમટી ગૌતમભાઈ કાતરીયા અને પાઈલોટ ભરતભાઈ ધુંધળવાએ કુશળતા પૂર્વક સારવાર આપી માતા અને નવજાતને સુરક્ષિત રાખ્યા હતા. બાદમાં બંનેને મહુવા સરકારી હોસ્પિટલ ખસેડાયા હતા. પરિવારજનોએ ૧૦૮ ટીમનો આભાર વ્યક્ત કર્યો હતો.

# બગસરાના કારખાના સંચાલક સાથે રૂ. ૪ લાખની સાયબર ઠગાઈ

**વોટ્સએપ ગ્રુપ બનાવી આચરવામાં આવ્યું કૌભાંડ**

બગસરા, તા.૦૪

સોશિયલ મીડિયા અને વોટ્સએપના માધ્યમથી શેરબજારમાં રોકાણના નામે લોકોને છેતરતી ગેંગ વધુ એકવાર સક્રિય થઈ છે. ટૂંકા ગાળામાં મોટો નફો મેળવવાની લાલચ આપી સાયબર ગઠિયાઓએ બગસરાના કારખાના સંચાલકને જાળમાં ફસાવી રૂપિયા ૪,૦૦,૦૦૦ની ઓનલાઈન ઠગાઈ આચરી હોવાની પોલીસ ફરિયાદ નોંધાઈ છે. દિલીપગર ભીખુગર ગોસ્વામી (ઉ.વ.૫૨) એ નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના વોટ્સએપ પર એક મેસેજ આવ્યો હતો. સાયબર ગુનેગારે તેમની સાથે સંપર્ક સાધી તેમને શેરબજારના રોકાણ અંગેના એક વોટ્સએપ ગ્રુપમાં જોઈન કર્યા હતા. ત્યારબાદ આ ટોળકીના અન્ય સાગરીતોએ સંપર્ક કરી તેમની બેંક ખાતાની વિગતો મેળવી હતી. સાયબર ઠગોએ તેમને લલચાવવા માટે બોગસ ટ્રેડિંગ વેબસાઈટની લિંક મોકલી હતી અને ત્યાં ટ્રેડિંગ એકાઉન્ટ બનાવવા માટે જણાવ્યું હતું. ગઠિયાઓએ તેમને વિશ્વાસમાં લીધા હતા કે આ પ્લેટફોર્મ પર શોર્ટ ટર્મ ઈન્વેસ્ટમેન્ટ સામે ૨૦૦% જેટલું માતબર રિટર્ન મળશે. આ ઉપરાંત, 'યશતેજ ઈન્ડસ્ટ્રીઝ ઈન્ડિયા લિમિટેડ' ના આઈપીઓમાં રોકાણ કરવાથી મોટો નફો થશે તેવી ખાતરી આપી વોટ્સએપ ગ્રુપના માધ્યમથી રૂ. ૧૦ લાખની સામે રૂ. ૪ લાખનું તાત્કાલિક રોકાણ કરવા દબાણ કર્યું હતું. ગઠિયાઓની વાતોમાં આવી જઈને તેમણે રૂ. ૪,૦૦,૦૦૦ ટ્રાન્સફર કર્યા હતા. ત્યારબાદ જ્યારે તેમણે પોતાના પૈસા અથવા નફાની રકમ માંગી, ત્યારે સામેથી કોઈ જવાબ મળ્યો નહોતો અને સાયબર ઠગોએ તેમનું લોગીન આઈડી પણ બ્લોક કરી દીધું હતું. પોતાની સાથે રૂ. ૪ લાખની છેતરપિંડી થઈ હોવાનો અહેસાસ થતાં જ તેમણે પોલીસ ફરિયાદ નોંધાવી હતી.






# સાવરકુંડલા નગરપાલિકા અને ફાયરની ટીમ દ્વારાં જોખમી આખલાનું રેસ્ક્યુ

સાવરકુંડલા,તા.૦૪

સાવરકુંડલા શહેરમાં રાહદારીઓ અને વાહનચાલકો માટે જોખમી બનેલા એક આખલાનું નગરપાલિકા અને ફાયર ફાઈટરની ટીમે સફળતાપૂર્વક રેસ્ક્યુ કર્યું હતું. આખલો લોકો અને વાહનો પર હુમલો કરી રહ્યો



હોવાની જાણ થતાં જ ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. સ્થાનિકોના સહયોગથી સાવચેતીપૂર્વક આખલાને કાબૂમાં લેવામાં આવ્યો હતો. સમગ્ર કામગીરી દરમિયાન લોકોની સુરક્ષાને પ્રથમ પ્રાથમિકતા આપવામાં આવી હતી, જેના કારણે કોઈ જાનહાનિ કે ઈજાની ઘટના બની નહોતી. નગરપાલિકાની સમયસરની કામગીરીથી સંભવિત મોટો અકસ્માત ટળી ગયો હતો.

# વડિયામાં બીમારી સારી નહીં થાય તેમ માની કંટાળીને પ્રૌઢે આપઘાત કર્યો

**કેન્સરની બિમારી હોવાનું નિદાન થયુ હતું**

વડિયા, તા. ૦૪

વડિયામાં રહેતા એક પ્રૌઢે બીમારી સારી નહીં થાય તેમ માની કંટાળીને આપઘાત કર્યો હતો. પ્રકાશભાઈ રવજીભાઈ મકવાણા (ઉ.વ.૩૫)એ જાહેર કર્યા મુજબ, રવજીભાઈ પાલાભાઈ મકવાણા (ઉ.વ.૬૦)ને બે મહિના પહેલા કેન્સરની બીમારી હોવાનું નિદાન થયું હતું. જેથી આ બીમારી સારી નહીં થાય તેમ માની કંટાળી જઈ તેમણે ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. વડિયા પોલીસ સ્ટેશનના એએસઆઈ એમ. એન. ગઢવી વધુ તપાસ ચલાવી રહ્યા છે.






**મામલતદાર કચેરી અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, વિસાવદર**

**કોર્ટ રોડ, વિસાવદર**

નં. એમએજી/કેસ નં.૬૬/૨૦૨૬ તા.૩૦/૦૬/૨૦૨૬

શ્રી સંગીતાબેન જેરામભાઈ કોયાણી વા.ઓ. મુકેશભાઈ હંસરાજભાઈ રામોલીયા
રહે. નાની મોણપરી, તા. વિસાવદર, જી. જુનાગઢ

........અરજદાર

-::વિરૂધ્ધ::-

જન્મ-મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી
બરડીયા, તા.વિસાવદર

.........સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અરજદાર શ્રી સંગીતાબેન જેરામભાઈ કોયાણી વા.ઓ. મુકેશભાઈ હંસરાજભાઈ રામોલીયા રહે. નાની મોણપરી, તા. વિસાવદર, જી. જુનાગઢએ તેમનો જન્મ તા.૦૧/૦૨/૧૯૮૩ ના રોજ વિસાવદર તાલુકાના બરડીયા ગામ મુકામે થયેલ છે જેની નોંધ જન્મ/મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, બરડીયા, તા. વિસાવદરના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, બરડીયા, તા. વિસાવદરના જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો આધારો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં દિન-૩૦માં વાંધા રજુ કરવા આથી જણાવવામાં આવે છે. કસુર થયેથી ગેરહાજરીમાં હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તારીખ જુન ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યું.

| | |
|---|---|
| તૈયાર કરનાર | હુકમથી |
| સહી. | સહી. |
| (પી.વી. શિંગડીયા) | (આર.એન.ખોડભાયા) |
| નાયબ મામલતદાર | એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ |
| વિસાવદર | વિસાવદર |




# કૌશિક વેકરીયાના પ્રયાસોથી અમરેલીમાં રૂ.૫૫૫ લાખના કામોને પ્રાથમિક મંજૂરી મળી

અમરેલી, તા. ૦૪

અમરેલી શહેરના સર્વાંગી વિકાસ માટે ડિસ્ટ્રિક્ટ મિનરલ ફાઉન્ડેશન (DMF) યોજના હેઠળ કરોડો રૂપિયાના અત્યંત મહત્વકાંક્ષી પ્રકલ્પોને પ્રાથમિક મંજૂરી મળી છે. અમરેલીના ધારાસભ્ય અને મંત્રી કૌશિકભાઈ વેકરીયાના પ્રયાસોથી કુલ રૂ. ૫૫૫ લાખના આ અદ્યતન કાર્યોને પ્રાથમિક મંજૂરી અપાવવામાં ઐતિહાસિક સફળતા સાંપડી છે. આ યોજના અંતર્ગત અમરેલી નગરપાલિકા હસ્તકના ભક્તિનગર વોટર વર્કસ ખાતે અંદાજિત રૂ. ૧૯૦ લાખના ખર્ચે ૧૫ લાખ લીટરની ક્ષમતા ધરાવતી આર.સી.સી.ની ઊંચી ટાંકી બનાવવાનું અને અંબિકાનગર વોટર વર્કસ ખાતે પણ અંદાજિત રૂ. ૧૯૦ લાખના ખર્ચે એક ૧૫ લાખ લીટર ક્ષમતાની ભવ્ય ઊંચી ટાંકી બનાવવાનું કામ મંજૂર કરવામાં આવ્યું છે. કુલ ૩૦ લાખ



લીટરની પ્રચંડ ક્ષમતા વાળી નવી ટાંકીઓના પરિણામે શહેરના આ બંને ઝોનમાં છેવાડાના ઘર સુધી પૂરતા ફોર્સથી શુદ્ધ પીવાનું પાણી અવિરતપણે પહોંચાડી શકાશે, જેનાથી આ વિસ્તારની વર્ષો જૂની પીવાના પાણીની સમસ્યાનો કાયમી ઉકેલ આવશે. વધુમાં પાણીની આ સુવિધા ઉપરાંત શહેરના તમામ વોર્ડ નંબર ૧ થી ૧૧ ના વિવિધ આંતરિક રહેણાંક વિસ્તારો, સોસાયટીઓ તેમજ મુખ્ય રાજમાર્ગો ઉપર અંદાજિત રૂ. ૧૭૫ લાખના ખર્ચે આધુનિક અને ઉર્જા કાર્યક્ષમ એનર્જી સેવર સ્માર્ટ લાઈટો નાખવાના કામને પણ પ્રાથમિક મંજૂરી મળી છે.

# બાબરા તાલુકાના નોંઘણવદરમાં SMCનો દરોડો, દેશી દારૂની મિની ફેક્ટરી ઝડપાઈ

બાબરા, તા. ૦૪

બાબરા તાલુકાના નોંઘણવદર ગામે સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC)ની ટીમે એક મોટી કાર્યવાહી કરીને સીમ વિસ્તારમાં ચાલતી દેશી દારૂ બનાવવાની મિની ફેક્ટરી ઝડપી પાડી છે. આ અચાનક થયેલી કાર્યવાહીથી સ્થાનિક બુટલેગરોમાં ફફડાટ મચી ગયો છે. દરોડા દરમિયાન SMCની ટીમે દેશી દારૂ, તે બનાવવા માટેનો વોશ, જનરેટર અને વાહન સહિત કુલ રૂ.૮ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.નોંઘણવદર ગામના એક ખેતરમાં મોટા પાયે દેશી દારૂનું ઉત્પાદન કરવામાં આવી રહ્યું હોવાની ચોક્કસ બાતમી SMCને મળી હતી, જેના આધારે ટીમે ઓચિંતો દરોડો પાડ્યો હતો. આ કાર્યવાહી દરમિયાન ઘટનાસ્થળેથી ૨,૦૮૫ લીટર તૈયાર દેશી દારૂ તેમજ ૧૩,૨૫૦ લીટર દારૂ બનાવવા માટેનો વોશ મળી આવ્યા હતા, જેને પોલીસે સ્થળ પર જ નષ્ટ કર્યા હતા.આ સમગ્ર હાઈવોલ્ટેજ રેડ દરમિયાન પોલીસે સ્થળ પરથી એક આરોપીની ધરપકડ કરી છે, જ્યારે અન્ય પાંચ આરોપીઓ પોલીસને થાપ આપીને નાસી છૂટવામાં સફળ રહ્યા હતા. પોલીસે તમામ ફરાર આરોપીઓને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે. પોલીસે ઘટનાસ્થળેથી કુલ મળીને રૂ.૮,૭૦,૦૫૦નો મુદ્દામાલ

**રૂ.૮ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત**

જપ્ત કર્યો હતો. સ્ટેટ મોનિટરિંગ સેલના પીઆઈ જે. એમ. સિસોદિયાની આગેવાનીમાં આ સફળ ઓપરેશન પાર પાડવામાં આવ્યું હતું. સ્થાનિક પોલીસને અંધારામાં રાખીને SMCની ટીમ દ્વારા કરાયેલી આ આકરી કાર્યવાહી હાલ પંથકમાં ભારે ચર્ચાનો વિષય બની છે.

# ધારીમાં સ્વચ્છતા જાળવવા નગરપાલીકા પ્રમુખે સફાઈ કર્મચારીઓ સાથે ચર્ચા કરી

ધારી,તા.૦૪

ધારી નગરપાલિકાના પ્રથમ પ્રમુખ જયદીપભાઈ બસીયાએ શહેરને રળીયામણું શહેર બનાવવા માટે સંકલ્પ લીધો છે. શહેરમાં સ્વચ્છતા જાળવવા તેમણે એક્શન પ્લાન તૈયાર કર્યો છે. હાલ પાલીકા હદની સ્વચ્છતા જાળવવા માટે જરૂરિયાત કરતાં પણ ઓછા કર્મચારીઓ છે પરંતુ આ સફાઈ કર્મચારીઓને મળીને



ચોમાસા દરમિયાન ક્યાંય પણ ગંદકીના ગંજ ન ખડકાય તે માટે ચર્ચા કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે, હાલમાં સ્ટાફ નથી પરંતુ આવનારા દિવસોમાં નવી ભરતી પ્રક્રિયા હાથ ધરાશે પરંતુ ત્યાં સુધી નગરપાલિકાના સફાઈ કામદારોને પોતાની નૈતિક ફરજ સમજીને કામ કરવાની અપીલ કરી હતી. સ્વચ્છતા માટે સ્થાનિક લોકોએ પણ નગરપાલિકા ને સહકાર આપવો જોઈએ તેવું જયદીપભાઈ બસીયાએ એક અખબારી યાદીમાં જણાવ્યું હતું.

# સાવરકુંડલામાં પોલીસે ૮ જુગારી ઝડપી પાડ્યા

સાવરકુંડલા, તા. ૦૪

સાવરકુંડલામાંથી પોલીસે ૮ જુગારીને રોકડા રૂ. ૧૧,૨૦૦ના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા હતા. શહેરમાં કે. કે. મહેતા હોસ્પિટલ પાછળ સુંડલીયા વાસમાં જોગણી માતાના મંદિર પાસેથી રવીગીરી બીજગીરી ગૌસ્વામી, સંજયભાઈ બાલકભાઈ જાડેજા, સનીભાઈ રમેશભાઈ વાઘેલા, સુધીરભાઈ દિપકભાઈ સોલંકી, પ્રકાશભાઈ અતુલભાઈ સોલંકી, રવીભાઈ રાજુભાઈ ચિભડિયા, હરેશભાઈ વિઠ્ઠલભાઈ રાજકોટિયા તથા દિલાવરભાઈ સાજીભાઈ કાજી જાહેરમાં ઘોડીપાસાની કુકરીઓ વડે પૈસાની હારજીતનો જુગાર રમતા કુલ રોકડા રૂ. ૧૧,૨૦૦ સાથે ઝડપાઈ ગયા હતા. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ જે. એલ. મકવાણા વધુ તપાસ કરી રહ્યા છે.

# રાજુલાના ઝાપોદર ગામે વેપારીને ધક્કો મારી દીવાલ સાથે ભટકાવ્યો

રાજુલા, તા. ૦૪

રાજુલાના ઝાપોદર ગામે એક વેપારીને ધક્કો મારી દીવાલ સાથે ભટકાવ્યો હતો. મધુભાઈ દેવાતભાઈ ધાખડા (ઉ.વ. ૫૦)એ મહેશભાઈ મનુભાઈ ધાખડા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ આરોપી તેમના ડેલા પાસે બજારમાં તેના ભત્રીજાને 'ગાડી કેમ સ્પીડમાં ચલાવે છે?' તેમ કહી ગાળો આપી મારી નાખવાની ધમકી આપતો હતો. જેથી તેમણે ગાળો આપવાની ના પાડતા તેમને ધક્કો મારી દીવાલ સાથે ભટકાવ્યા હતા.જે બાદ મહેશભાઈ મનુભાઈ ધાખડા (ઉ.વ. ૩૦)એ યુવરાજભાઈ અમરૂભાઈ ધાખડા તથા વિજયભાઈ પથુભાઈ ધાખડા સામે ફરિયાદ નોંધાવી હતી. આરોપીઓ પોતાની ફોર વ્હીલ તેના ઘર બહાર શેરીમાં લઈ નીકળ્યા હતા.

**શેરીમાં ફોર વ્હીલ સ્પીડમાં ચલાવવા મુદ્દે સામસામી ફરિયાદ**

શેરી બજારમાં છોકરા રમતા હોવાથી ગાડી સ્પીડમાં નહીં ચલાવવાનું કહેતા તેમને સારું નહોતું લાગ્યું અને ગાળો આપી લોખંડના પાઈપ વડે માથાના ભાગે એક ઘા માર્યો હતો તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

# સાવરકુંડલાની શાળાઓમાં 'માટીથી માનવી સુધી'ના અભિયાન દ્વારા પર્યાવરણ સુરક્ષાની પહેલ

સાવરકુંડલા,તા.૦૪

વર્તમાન ટેકનોલોજીના યુગમાં નવી પેઢીને પ્રકૃતિ સાથે ફરીથી જોડવાના આશયથી સાવરકુંડલામાં એક સરાહનીય અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. નવરંગ નેચર ક્લબ, હનુમાનજી આશ્રમ અને વન પ્રકૃતિ ચેરિટેબલ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે વિવિધ શૈક્ષણિક સંસ્થાઓમાં પર્યાવરણલક્ષી



જાગૃતિના પાઠ ભણાવવામાં આવ્યા હતા. આ અભિયાનના મુખ્ય કેન્દ્રબિંદુ 'શાકભાજી બીજ વિતરણ' અંતર્ગત વી.ડી. બાલા, પ્રિયંકભાઈ પાંધી, સતીશ પાંડે અને સાર્થકભાઈ ઠાકરની ટીમે એસ.વી. દોશી ગર્લ્સ હાઈસ્કૂલ, મૂળરાજ ધરમસિંહ પ્રાથમિક શાળા, જે.વી. મોદી હાઈસ્કૂલ, સિગ્મા સ્કૂલ અને તાલુકા કન્યા શાળાના વિદ્યાર્થીઓ સાથે સીધો સંવાદ સાધ્યો હતો.

આ પ્રસંગે વિદ્યાર્થીઓને શાકભાજીના શુધ્ધ તેમજ ઓર્ગેનિક બીજ આપીને ધરતીના ખોળામાં તેનું વાવેતર કરવાનો પવિત્ર સંદેશ આપવામાં આવ્યો હતો.

# અમરેલીના નાના માચીયાળા ગામના યુવકે વ્યાજખોરોના ત્રાસથી ઝેરી દવા પીધી

અમરેલી, તા.૦૪

અમરેલીમાં વ્યાજખોરોના ત્રાસનો વધુ એક ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો હતો. અમરેલીના નાના માચીયાળા ગામના એક યુવકે વ્યાજખોરના ત્રાસથી કંટાળીને પોતાના ઘરની સામે જ જંતુનાશક ઝેરી દવા ગટગટાવી આપઘાત કરવાનો પ્રયાસ કર્યો હતો. આ અંગે ગૌતમભાઈ દેવશીભાઈ ચાચીયા (ઉ.વ.૨૮)એ વિઠ્ઠલપુર ખંભાળીયા ગામના લાલાભાઈ મકવાણા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમણે પોતાના લગ્ન પ્રસંગ માટે આજથી આશરે બે વર્ષ પહેલાં આરોપી પાસેથી ૫ ટકાના વ્યાજદરે રૂ. ૭૦,૦૦૦ લીધા હતા. તેઓ દર મહિને નિયમિત રીતે હપ્તે-હપ્તે વ્યાજની રકમ ચૂકવતો હતો. પરંતુ, છેલ્લા કેટલાક સમયથી આર્થિક પરિસ્થિતિ નબળી પડી જતાં તે વ્યાજ અને મૂળ રકમ ચૂકવી શક્યો ન હતો. ગત તારીખ ૨૮ જૂન ૨૦૨૬ના રોજ આરોપીએ તેને રસ્તામાં આંતર્યો હતો અને પોતાની બાકી નીકળતી વ્યાજ સહિતની રકમની ઉઘરાણી કરી હતી. તેમજ જાહેરમાં બિભત્સ ગાળો આપી તેને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. એટલું જ નહીં, આરોપીએ તેનું બાઈક બળજબરીપૂર્વક પડાવી

**બાઇક પડાવી જાનથી મારી નાખવાની ધમકી આપી**

લીધું હતું અને ધમકાવતા કહ્યું હતું કે, મારા બધા પૈસા આપી જા અને તારી ગાડી લઈ જા. જેથી લાગી આવતાં પોતાની મેળે જંતુનાશક ઝેરી દવા પી લીધી હતી. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એએસઆઈ ડી.વી.સરવૈયા વધુ તપાસ કરી રહ્યા છે.

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

**રાજકોટ**

| | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૧૦૦ | ૧૮૪૩ |
| ઘઉં લોકવન | ૪૦૦ | ૫૦૦ |
| ઘઉં ટુકડા | ૪૧૦ | ૫૬૦ |
| જુવાર સફેદ | ૧૦૮૬ | ૧૧૭૮ |
| જુવાર લાલ | ૧૧૨૫ | ૧૧૭૪ |
| જુવાર પીળી | ૪૬૭ | ૫૨૨ |
| બાજરી | ૩૭૨ | ૪૭૫ |
| તુવેર | ૧૦૨૦ | ૧૫૫૪ |
| ચણા પીળા | ૧૧૦૦ | ૧૧૮૫ |
| ચણા સફેદ | ૧૧૧૦ | ૧૮૩૦ |
| અડદ | ૧૧૦૦ | ૧૮૩૦ |
| મગ | ૧૦૫૦ | ૧૭૫૮ |
| વાલ દેશી | ૬૮૦ | ૮૭૦ |
| ચોળી | ૯૫૦ | ૧૫૮૦ |
| વટાણા | ૬૧૦ | ૯૦૯ |
| રાજમા | ૧૦૯૦ | ૧૯૪૬ |
| સીંગદાણા | ૧૬૬૫ | ૨૨૪૫ |
| મગફળી જાડી | ૧૧૫૦ | ૧૫૭૦ |
| મગફળી જીણી | ૧૧૧૦ | ૧૫૩૫ |
| તલી | ૨૩૫૦ | ૨૫૯૦ |
| સુરજમુખી | ૧૨૭૫ | ૧૨૭૫ |
| એરંડા | ૧૨૬૦ | ૧૩૭૪ |
| અજમો | ૨૪૦૦ | ૩૨૯૫ |
| સુવા | ૧૧૫૦ | ૧૩૦૧ |
| સોયાબીન | ૧૧૦૦ | ૧૫૦૫ |
| સીંગફાડા | ૧૪૬૦ | ૧૭૧૫ |
| કાળા તલ | ૨૩૨૫ | ૩૮૦૧ |
| લસણ | ૧૧૪૦ | ૨૮૫૦ |
| ધાણા | ૨૪૩૧ | ૨૯૨૫ |
| ધાણી | ૨૫૦૦ | ૨૯૭૧ |
| વરીયાળી | ૧૦૦૦ | ૧૯૦૦ |
| જીરૂ | ૩૩૫૫ | ૪૧૦૦ |
| રાય | ૧૨૬૦ | ૧૬૭૪ |
| મેથી | ૯૫૦ | ૧૭૪૦ |
| ઇસબગુલ | ૧૮૦૦ | ૨૩૭૫ |
| કલોંજી | ૩૦૫૧ | ૩૬૭૧ |
| રાયડો | ૧૧૮૦ | ૧૪૧૬ |
| રજકાનું બી | ૭૫૦૦ | ૧૦૧૫૦ |

**રાજકોટ (શાકભાજી)**

| | | |
|---|---|---|
| કેરી કાચી | ૪૧૮ | ૬૨૫ |
| લીંબુ | ૪૫૩ | ૮૫૮ |
| પપૈયા | ૧૦૧ | ૨૪૩ |
| બટેટા | ૮૬ | ૨૯૫ |
| ડુંગળી સુકી | ૧૪૦ | ૪૪૧ |
| ટમેટા | ૪૧૧ | ૬૫૩ |
| સુરણ | ૭૧૮ | ૯૨૭ |
| કોથમરી | ૧૨૨૫ | ૧૬૨૧ |
| રીંગણા | ૨૧૫ | ૪૮૯ |
| કોબીજ | ૨૫૪ | ૫૪૧ |
| ફ્લાવર | ૩૨૫ | ૬૩૪ |
| ભીંડો | ૨૬૬ | ૫૪૩ |
| ગુવાર | ૫૧૭ | ૧૪૨૪ |
| ચોળાસીંગ | ૬૨૭ | ૧૪૦૭ |
| ટીંડોળા | ૪૧૫ | ૮૩૭ |
| દુધી | ૧૮૮ | ૪૦૯ |
| કારેલા | ૩૫૫ | ૬૯૫ |
| સરગવો | ૪૫૬ | ૯૪૩ |
| તુરીયા | ૫૧૧ | ૭૨૭ |
| પરવર | ૪૯૧ | ૭૧૧ |
| કાકડી | ૩૧૮ | ૧૦૩૧ |
| ગાજર | ૪૭૯ | ૬૫૯ |
| વટાણા | ૧૪૨૩ | ૧૬૪૪ |
| ગલકા | ૨૧૭ | ૩૮૯ |
| બીટ | ૩૧૩ | ૫૧૮ |
| મેથી | ૧૬૨૪ | ૨૦૨૭ |
| ડુંગળી લીલી | ૧૫૦૫ | ૨૦૨૧ |
| આદુ | ૨૪૨૪ | ૩૪૯૦ |
| મરચા લીલા | ૮૦૩ | ૧૦૨૬ |
| મકાઇ લીલી | ૧૯૩ | ૩૭૫ |

**ગોંડલ**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૧૦૧ | ૧૧૦૧ |
| ઘઉં લોકવન | ૪૯૦ | ૫૬૮ |
| ઘઉં ટુકડા | ૪૬૦ | ૫૭૦ |
| મગફળી જીણી | ૧૨૪૧ | ૧૮૦૧ |
| સિંગદાણા જાડા | ૧૫૦૧ | ૨૦૫૧ |
| સિંગ ફાડીયા | ૧૨૦૧ | ૧૬૦૧ |
| એરંડા / એરંડી | ૧૧૫૧ | ૧૩૮૬ |
| જીરૂ | ૨૦૦૦ | ૪૧૧૧ |
| કલંજી | ૧૦૦૦ | ૩૬૫૧ |
| ધાણા | ૨૪૦૧ | ૩૦૦૧ |
| લસણ સુકું | ૯૯૧ | ૨૬૫૧ |
| ડુંગળી લાલ | ૧૭૧ | ૫૬૧ |
| અડદ | ૩૦૦ | ૧૮૧૧ |
| તુવેર | ૯૫૧ | ૧૪૮૧ |
| રાયડો | ૧૦૭૬ | ૧૦૭૬ |
| રાય | ૧૪૩૧ | ૧૫૪૧ |
| મેથી | ૮૦૧ | ૧૪૫૧ |
| મગફળી જાડી | ૧૧૦૦ | ૧૬૫૧ |
| સફેદ ચણા | ૧૦૭૬ | ૧૮૨૧ |
| ધાણી | ૨૬૫૧ | ૩૦૭૧ |
| બાજરો | ૨૮૧ | ૩૬૧ |
| જુવાર | ૩૫૧ | ૧૧૦૧ |
| મકાઇ | ૪૨૧ | ૫૦૧ |
| મગ | ૮૦૦ | ૧૬૫૧ |
| ચણા | ૧૦૨૧ | ૧૧૮૧ |
| વાલ | ૮૦૦ | ૧૧૫૧ |
| ચોળા / ચોળી | ૮૦૧ | ૮૦૧ |
| સોયાબીન | ૧૦૯૧ | ૧૫૦૧ |
| અજમાં | ૨૪૦૧ | ૨૪૦૧ |
| ગોગળી | ૧૦૦૦ | ૧૩૦૧ |
| વટાણા | ૨૯૧ | ૮૪૧ |

**ગોંડલ (શાકભાજી)**

| | | |
|---|---|---|
| ટમેટા | ૨૦૦ | ૭૦૦ |
| મરચા | ૨૦૦ | ૧૨૦૦ |
| ગુવાર | ૨૦૦ | ૧૨૦૦ |
| કોબી | ૮૦ | ૫૦૦ |
| દુધી | ૬૦ | ૩૦૦ |
| ફ્લાવર | ૨૦૦ | ૧૦૦૦ |
| કાકડી | ૮૦ | ૮૦૦ |
| રીંગણા | ૧૦ | ૨૪૦ |
| ભીંડો | ૨૦૦ | ૮૦૦ |
| ગલકા | ૨૦ | ૪૦૦ |
| ગાજર | ૨૦૦ | ૬૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૬૦૦ |
| વટાણા | ૨૪૦૦ | ૩૦૦૦ |
| કેરી કાચી | ૪૦૦ | ૮૦૦ |
| બટેટા | ૧૬૦ | ૨૬૦ |
| ડુંગળી પુરા | ૮ | ૧૦ |
| તાંજરીયા પુરા | ૩ | ૭ |
| કોથમીર પુરા | ૫ | ૧૧ |
| પચકારુ | ૨૦૦ | ૨૬૦ |
| કંટોલા | ૨૦૦૦ | ૩૦૦૦ |
| પરવર | ૫૦૦ | ૮૦૦ |
| ઘીસોડા | ૧૦૦ | ૮૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૧૦૦૦ |
| મેથી પુરા | ૩ | ૨૦ |
| બીટ પુરા | ૧૦ | ૨૦ |
| સરગવો પુરા | ૨૦ | ૪૫ |
| ચોરા | ૨૦૦ | ૧૦૦૦ |
| કારેલા | ૨૦૦ | ૯૦૦ |
| કાચા પોપૈયા | ૪૦ | ૪૦૦ |
| આદુ | ૨૦૦ | ૩૮૦૦ |
| મકાઈ ડોડા | ૧૬૦ | ૪૦૦ |
| પાલક પુરા | ૨ | ૭ |

**અમરેલી**

| | | |
|---|---|---|
| શિંગ મોટી | ૧૧૩૫ | ૧૪૫૦ |
| શિંગ દાણા | ૧૩૦૦ | ૨૪૮૦ |
| શિંગદાણા ફાડા | ૧૪૩૫ | ૧૭૪૦ |
| તલ સફેદ | ૧૪૨૫ | ૨૭૫૦ |
| તલ કાળા | ૨૧૪૦ | ૩૯૯૫ |
| તલ કાશમીરી | ૨૪૫૦ | ૨૪૫૦ |
| બાજરો | ૩૨૦ | ૪૪૦ |
| જુવાર | ૯૫૦ | ૧૦૪૫ |
| ઘઉં ટુકડા | ૪૪૦ | ૫૫૦ |
| ઘઉં લોકવન | ૪૬૫ | ૫૪૫ |
| મકાઈ | ૩૩૦ | ૫૧૦ |
| મગ | ૭૫૦ | ૧૫૦૫ |
| ચણા | ૯૭૫ | ૧૧૭૫ |
| ચણા દેશી | ૧૦૮૫ | ૧૦૮૫ |
| છોલે ચણા | ૧૦૫૦ | ૧૩૮૦ |
| તુવેર | ૧૧૮૦ | ૧૪૪૫ |
| કપાસ | ૯૩૦ | ૧૯૩૦ |
| એરંડા | ૧૩૧૫ | ૧૩૭૦ |
| જીરૂ | ૨૫૦૦ | ૩૮૦૦ |
| રાયડો | ૧૩૪૦ | ૧૩૪૦ |
| ધાણી | ૧૮૦૦ | ૨૮૫૫ |
| અજમા | ૨૫૦૫ | ૨૫૦૫ |
| મેથી | ૧૧૦૫ | ૧૩૯૫ |
| સોયાબીન | ૧૨૦૦ | ૨૦૩૦ |
| રજકાનું બી | ૭૩૦૦ | ૮૫૨૫ |
| સુર્યમુખી | ૧૨૦૦ | ૧૨૦૦ |

**અમરેલી (શાકભાજી)**

| | | |
|---|---|---|
| બટેટા | ૧૫૦ | ૨૫૦ |
| રીંગણા | ૧૦૦ | ૩૦૦ |
| ફુલાવર | ૮૦૦ | ૯૦૦ |
| કોબીજ | ૪૨૦ | ૫૨૦ |
| શક્કરિયા | ૫૫૦ | ૬૫૦ |
| ટમેટા | ૭૦૦ | ૮૦૦ |
| સુરણ | ૮૫૦ | ૯૫૦ |
| ગાજર | ૬૦૦ | ૬૮૦ |
| દૂધી | ૨૦૦ | ૩૦૦ |
| કારેલા | ૬૫૦ | ૭૦૦ |
| ગલકા | ૪૦૦ | ૫૦૦ |
| કાકડી | ૭૦૦ | ૮૦૦ |
| ગુવાર | ૯૦૦ | ૧૨૦૦ |
| ચીભડા | ૬૦૦ | ૧૦૦૦ |
| વટાણા | ૨૯૦૦ | ૩૧૦૦ |
| ચોળા લીલાં | ૫૦૦ | ૬૦૦ |
| તુરીયા | ૮૦૦ | ૯૨૦ |
| ભીંડો | ૫૨૦ | ૬૧૦ |
| આદુ | ૩૫૫૦ | ૩૭૫૦ |
| કોથમીર | ૧૨૦૦ | ૧૫૦૦ |
| મેથીભાજી | ૧૨૦૦ | ૧૪૦૦ |
| ફુદીનો | ૫૫૦ | ૬૨૦ |
| ટીંડોરા | ૫૫૦ | ૬૫૦ |
| બીટ | ૩૯૦ | ૪૮૦ |
| સરગવો | ૮૩૦ | ૯૨૦ |
| લીમડો મીઠો | ૧૮૦ | ૨૦૦ |
| મરચા લીલા | ૭૦૦ | ૧૨૦૦ |
| ડુંગળી સૂકી | ૪૪૦ | ૬૪૦ |
| લસણ સૂકું | ૧૯૦૦ | ૨૩૫૦ |
| પાલક | ૬૫૦ | ૭૨૦ |
| લીંબુ | ૪૦૦ | ૮૦૦ |
| મકાઇ | ૨૫૦ | ૩૯૦ |

**બાબરા**

| | | |
|---|---|---|
| મગફળી | ૧૧૨૫ | ૧૨૬૦ |
| જીરૂ | ૩૧૫૦ | ૩૮૧૦ |
| ચણા | ૧૦૮૦ | ૧૧૧૫ |
| ઘઉં | ૪૯૫ | ૫૧૦ |

**ધારી**

| | | |
|---|---|---|
| મગફળી | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ઘઉં લોકવન | ૪૬૯ | ૪૬૯ |
| ચણા | ૧૧૪૫ | ૧૧૪૫ |
| તુવેર | ૧૨૦૦ | ૧૩૭૧ |
| ધાણા | ૨૭૨૫ | ૨૭૨૫ |
| મગ | ૧૦૦૦ | ૧૬૨૫ |
| તલ સફેદ | ૨૩૫૦ | ૨૫૦૦ |
| તલ કાળા | ૨૨૦૦ | ૩૪૦૦ |
| જુવાર | ૯૦૦ | ૯૦૦ |
| શીંગ દાણા | ૧૪૨૫ | ૧૮૬૦ |
| રાઈ | ૧૨૬૦ | ૧૨૬૦ |
| સોયાબીન | ૧૧૨૫ | ૧૨૦૦ |

**કોડીનાર**

| | | |
|---|---|---|
| મગફળી જી-૨૦ | ૮૫૦ | ૧૨૦૦ |
| બાજરી હાઈબ્રીડ | ૪૧૧ | ૫૧૪ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૩૫ |
| જુવાર | ૭૦૦ | ૧૧૧૫ |
| અડદ | ૧૮૦૦ | ૧૮૯૧ |
| મગ | ૧૪૦૦ | ૧૭૩૨ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૦૭ |
| સફેદ તલ | ૧૯૦૦ | ૨૬૯૬ |
| કાળા તલ | ૨૪૦૦ | ૩૮૦૦ |
| સોયાબીન | ૧૧૮૦ | ૧૩૩૨ |

**બગસરા**

| | | |
|---|---|---|
| મગફળી | ૧૦૯૦ | ૧૦૯૦ |
| ઘઉં લોકવન | ૪૫૦ | ૫૧૨ |
| જુવાર | ૮૫૦ | ૮૫૦ |
| ઘઉં ટુકડા | ૪૫૨ | ૪૮૮ |
| અડદ | ૮૦૦ | ૧૫૩૫ |
| ચણા | ૯૭૦ | ૧૧૨૨ |
| મગ | ૧૫૨૫ | ૧૫૪૪ |
| ધાણા | ૨૭૪૫ | ૨૭૪૫ |
| શિંગ દાણા | ૧૫૯૦ | ૧૫૯૦ |
| સોયાબીન | ૧૩૦૦ | ૧૪૩૦ |
| તલ સફેદ | ૧૮૬૫ | ૨૩૬૫ |
| બાજરો | ૩૦૦ | ૩૦૦ |
| તલ કાળા | ૨૨૦૦ | ૨૩૯૦ |

**ભેંસાણ**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૦૦૦ | ૧૮૩૬ |
| ઘઉં | ૪૦૧ | ૪૯૬ |
| ચણા | ૮૦૧ | ૧૧૧૬ |
| અડદ | ૧૨૦૧ | ૧૨૦૧ |
| તુવેર | ૭૦૧ | ૧૪૪૧ |
| મગફળી | ૮૦૦ | ૧૦૭૧ |
| શિંગ દાણા | ૧૫૦૧ | ૨૩૦૧ |
| શિંગ | ૧૨૦૧ | ૧૬૪૬ |
| તલ સફેદ | ૧૩૦૧ | ૨૫૦૧ |
| તલ કાળા | ૧૪૦૧ | ૩૦૦૧ |
| જીરૂ | ૨૦૦૧ | ૪૦૫૧ |
| ધાણા | ૧૫૦૧ | ૩૦૦૧ |
| સોયાબીન | ૯૦૧ | ૧૩૮૬ |

**સાવરકુંડલા**

| | | |
|---|---|---|
| શિંગ-જીણી | ૧૩૦૦ | ૧૪૫૫ |
| શિંગ દાણા | ૧૮૦૦ | ૨૪૦૧ |
| તલ સફેદ | ૨૧૦૦ | ૨૬૦૬ |
| તલ કાળા | ૩૦૦૦ | ૩૮૦૦ |
| જીરૂ | ૩૯૦૦ | ૪૦૦૧ |
| કપાસ | ૧૨૦૦ | ૧૪૩૦ |
| ઘઉં લોકવન | ૪૫૦ | ૫૧૫ |
| ઘઉં ટુકડા | ૪૬૦ | ૫૩૦ |
| બાજરો | ૪૫૦ | ૫૦૦ |
| જુવાર | ૫૦૦ | ૧૧૦૦ |
| મગ | ૧૩૦૦ | ૧૬૨૫ |
| ચણા | ૧૧૦૦ | ૧૧૫૨ |
| તુવેર | ૧૨૦૦ | ૧૩૯૨ |
| મેથી | ૧૧૦૦ | ૧૨૫૦ |
| ધાણા | ૨૫૦૦ | ૨૯૦૦ |

**જામનગર**

| | | |
|---|---|---|
| જુવાર | ૮૯૦ | ૧૧૦૦ |
| બાજરો | ૩૬૫ | ૪૨૫ |
| ઘઉં | ૩૫૦ | ૫૫૫ |
| મગ | ૧૧૦૦ | ૧૫૪૫ |
| તુવેર | ૧૦૮૦ | ૧૩૮૫ |
| ચોળી | ૫૦૦ | ૬૦૦ |
| મેથી | ૬૯૦ | ૧૨૩૫ |
| ચણા | ૭૪૦ | ૧૧૫૮ |
| ચણા સફેદ | ૯૫૦ | ૧૪૬૦ |
| મગફળી જીણી | ૧૧૦૦ | ૧૫૦૦ |
| મગફળી જાડી | ૧૦૫૦ | ૧૪૬૦ |
| એરંડા | ૧૦૦૦ | ૧૩૪૦ |
| તલ | ૧૮૦૦ | ૨૭૬૫ |
| તલ કાળા | ૨૨૦૦ | ૩૭૦૦ |
| રાય | ૧૨૮૦ | ૧૬૮૦ |
| લસણ | ૮૦૦ | ૨૮૬૦ |
| જીરૂ | ૩૫૦૦ | ૪૦૪૦ |
| ધાણા | ૨૪૦૦ | ૨૮૫૫ |
| ડુંગળી સુકી | ૧૨૦ | ૫૧૦ |
| સીંગદાણા | ૧૩૫૦ | ૧૮૨૦ |
| વટાણા | ૪૨૫ | ૬૫૫ |
| રાજમા | ૭૯૦ | ૧૭૦૫ |

**મહુવા**

| | | |
|---|---|---|
| જુવાર | ૫૪૦ | ૧૧૭૨ |
| બાજરી | ૪૨૨ | ૫૨૨ |
| ઘઉં ટુકડા | ૪૩૧ | ૫૭૨ |
| અડદ | ૧૭૬૮ | ૧૮૭૦ |
| મગ | ૧૫૦૦ | ૧૯૮૦ |
| મેથી | ૧૧૩૦ | ૧૧૩૦ |
| ચણા | ૯૪૮ | ૧૧૬૨ |
| તલ સફેદ | ૨૨૨૬ | ૨૬૦૦ |
| તલ કાળા | ૨૧૫૦ | ૩૯૨૬ |
| જીરૂ | ૩૭૫૦ | ૩૭૮૦ |
| ધાણા | ૨૬૮૦ | ૨૬૮૦ |
| ડુંગળી લાલ | ૧૨૫ | ૪૯૫ |
| ડુંગળી સફેદ | ૧૩૬ | ૪૫૧ |
| નાળીયેર | ૬૦૩ | ૨૪૪૦ |

**રાજુલા**

| | | |
|---|---|---|
| શીંગ | ૧૧૦૦ | ૧૨૨૫ |
| તલ સફેદ | ૨૪૫૦ | ૨૪૫૦ |
| તલ કાળા | ૩૫૦૧ | ૩૫૦૧ |
| કપાસ | ૧૦૦૦ | ૧૭૫૫ |
| બાજરો | ૪૦૦ | ૫૨૧ |
| ઘઉં ટુકડા | ૪૮૦ | ૫૧૪ |
| જુવાર | ૫૭૫ | ૧૧૭૯ |
| અડદ | ૧૫૦૦ | ૧૫૦૦ |
| તુવેર | ૧૨૬૦ | ૧૨૬૦ |
| ચણા | ૮૦૦ | ૧૧૦૯ |
| જીરૂ | ૩૭૦૦ | ૩૭૦૦ |
| શીંગદાણા | ૧૫૦૦ | ૧૭૫૦ |

## સોસાયટીના રિડેવલપમેન્ટમાં સમસ્યાઓ ડેવલપ થાય ત્યારે શું?

**વિચાર વલોણું**



જયવંત પંડ્યા

સમાચાર ૧. અમદાવાદના કાંકરિયા વિસ્તારમાં આવેલી તુષાર કૉ ઑપ. હા. સૉ.એ રિડેવલપમેન્ટ માટે એક બિલ્ડર સાથે કરાર કર્યો, જે મુજબ, ૨૪થી ૩૦ મહિનામાં નવો ફ્લેટ બાંધી આપવાનો હતો. ૧૩૦ વારનો નવો ફ્લેટ આપવાની બાંયધરી અપાઈ હતી. રિડેવલપમેન્ટ કરારમાં અમુક જૂના સભ્યોની સંમતિ લેવાઈ નહોતી. આથી મૂકેશ ખત્રી નામના એક ભાઈ રિડેવલપમેન્ટ રોકવા સિવિલ કૉર્ટ ગયા. ત્યાં સમાધાન થયું કે ૨૪થી ૩૦ મહિનામાં નવો ફ્લેટ અપાશે, જેમાં સુવિધાઓ પણ હશે. કરાર મુજબ ગિફ્ટ મનીના રૂ. ૧૦ લાખ પ્રત્યેક સભ્યને આપવાના હતા, આ ગિફ્ટ મની અપાઈ નહીં અને કબજો મોડેથી અપાયો હતો. તો તે ગાળાનું વ્યાજ પણ ચૂકવાયું નહોતું.

આ વિવાદ બહાર આવ્યો ત્યારે 'મિડીયા'એ આપેલા અહેવાલમાં એક નિષ્ણાતે સ્પષ્ટતા કરી કે જૂનાં મકાનોને તોડીને નવાં બનાવવામાં આવે છે અને તેના પર વધુ માળ બનાવવામાં આવે છે, જેને સામાન્ય ભાષામાં અત્યારે રિડેવલપમેન્ટ કહે છે, તેમાં રેરાનો કાયદો લાગુ પડતો નથી કારણકે ફરિયાદી જમીનના સહ માલિક હોવાના કારણે પ્રમોટર ગણાય છે. સહ પ્રમૉટર અને પ્રમૉટર વચ્ચે વિવાદનો નિવેડો લાવવાની સત્તા રેરા ન્યાયાલય પાસે નથી.

સમાચાર ૨. મુંબઈમાં વડાલા હાઉસિંગ સૉસાયટીએ ૨૦૧૩માં રિડેવલપમેન્ટ માટે એક બિલ્ડરને રોક્યો. પણ બિલ્ડરે ૧૩ વર્ષ સુધી એક ઈંટ પણ મૂકી નહીં. એટલે આ સૉસાયટી તેની નિમણૂંક પૂરી કરવા માગતી હતી અને તે માટે સપ્ટેમ્બર ૨૦૨૩માં એક ઠરાવ પસાર કર્યો. જૂના બિલ્ડરે એક વધુ તક આપવા વિનંતી કરી અને એપ્રિલ ૨૦૨૪માં સૉસાયટીએ ફરી તેની નિમણૂક કરી. પરંતુ ફરી એક વખત બિલ્ડરે કોઈ કામ કર્યું નહીં. આથી સૉસાયટીએ સપ્ટેમ્બર ૨૦૨૪માં તેની સાથે સમજૂતી રદ કરી. પરંતુ જૂના બિલ્ડરે તેની સાથેના કરાર સૉસાયટીએ રદ કર્યાના સમાચાર છુપાવી, એપ્રિલ ૨૦૨૪ના સૉસાયટીના ઠરાવ, જેમાં તેની પુનઃ નિમણૂક કરવામાં આવી હતી તેને આધાર બનાવી ડિવિઝનલ જૉઇન્ટ રજિસ્ટ્રાર પાસે યાચિકા કરી.

જૂના બિલ્ડરને એનઓસી આપી દેવામાં આવી. પરંતુ સૉસાયટીએ તેને પડકારી અને મહારાષ્ટ્રના રાજ્ય પ્રધાનના ધ્યાનમાં તેને લાવી. પ્રધાને એ એનઓસી નિરસ્ત કરાવડાવી. તે પછી સૉસાયટીએ એક નવો બિલ્ડર નિમ્યો જેણે પહેલાના બિલ્ડર કરતાં વધુ સારી ઑફર આપી. આથી જૂના બિલ્ડરે મુંબઈ ઉચ્ચ ન્યાયાલયમાં યાચિકા કરી પરંતુ તેની યાચિકા ફગાવી દેવામાં આવી. ન્યાયાલયે કહ્યું કે બિલ્ડર બાંધકામ કરીને સૉસાયટીના સભ્યોને નવાં ઘર આપવામાં નિષ્ફળ રહ્યો છે. તેથી ફ્લેટ વેચીને નફો મેળવવાનો તેનો અધિકાર યોગ્ય નથી. સૉસાયટીના ડેવપમેન્ટમાં ખૂબ વિલંબ થયો છે. તેના સભ્યો પર સુરક્ષાનો ભય તોળાય છે. તેથી બિલ્ડર તેનો નફો મેળવવાનો અધિકાર ગુમાવે છે.

મુંબઈ ઉચ્ચ ન્યાયાલયે કહ્યું કે જો બિલ્ડર રિડેવપલમેન્ટ પ્રૉજેક્ટ પૂરો ન કરે અથવા તેમાં વિલંબ કરે રાખે તો સૉસાયટી તેની સાથેની સમજૂતી રદ કરી શકે છે અને રિડેવલપમેન્ટ કરવા અન્ય બિલ્ડરને રોકી શકે છે. રિડેવલપમેન્ટ પ્રૉજેક્ટમાં ડેવલપર જમીનનો માલિક નથી બની જતો. અને નફો મેળવવાનો અધિકાર પણ પહેલાં તે રિડેવલપમેન્ટ પૂરું કરે પછી લાગુ પડે છે. (ઈકૉનૉમિક ટાઈમ્સ, ૦૯ જૂન ૨૦૨૬)

સમાચાર ૩. અમદાવાદમાં ગુજરાત હાઉસિંગ બૉર્ડની એમ-૫, શાસ્ત્રીનગર રિડેવલપમેન્ટ યોજનામાં બિલ્ડરે સૉસાયટીના સભ્યોને ચૂકવવાનું થતું ભાડું આપવાનું બંધ કરી દીધું. બિલ્ડરે આ આક્ષેપો ખોટા હોવાનો દાવો કર્યો. (

સમાચાર ૪. અમદાવાદની સાતથી વધુ સૉસાયટીના રિડેવલપમેન્ટનું કામ અટકી ગયું કારણકે બિલ્ડરો દ્વારા ચૂકવવામાં આવતું ભાડું અનિયમિત હોવાની અથવા નવા ફ્લેટમાં નક્કી કરવામાં આવેલી જગ્યા કરતાં ઓછી જગ્યા મળતી હોવાની ફરિયાદો હતી.

આ સમાચારો મૂકવાનું કારણ એ છે કે આજકાલ જૂની સૉસાયટીમાં રિડેવલપમેન્ટનું ચલણ છે. સૉસાયટીને વર્ષો પછી ઘસારો લાગે તેથી પાણીની પાઈપલાઈનથી માંડીને અગાશીમાં ગાબડાં પડવાં લાગે છે. ૨૦-૨૫ વર્ષ થાય એટલે તે સૉસાયટીને રિડેવલપમેન્ટમાં લઈ જઈ શકાય છે તેવો ગુજરાતનો કાયદો કહે છે. અને હવે તો કાયદો એવો પણ છે કે સૉસાયટીના ૭૫ ટકા સભ્યોની લેખિત સંમતિ જ આવશ્યક છે. મહારાષ્ટ્રમાં તો માત્ર ૫૧ ટકા લોકોની જ સંમતિ આવશ્યક છે.

રિડેવલપમેન્ટની વાત આવે એટલે કેટલાક સભ્યો ક્ષુલ્લક કારણોસર અથવા અંગત કારણોસર તેને અટકાવતા હોય છે. સામા પક્ષે કેટલીક વાર વાંધો ઉઠાવનારની ચિંતા ખરેખર વાજબી હોય છે. આવા સંજોગોમાં સૉસાયટીના સભ્યો વચ્ચે વિવાદો થતા હોય છે. અમદાવાદના રાણીપમાં રાધાસ્વામી રૉડ પર આવેલા રૂપલ એપાર્ટમેન્ટમાં વાંધા અરજી કરનાર લોકોને માર મારવામાં આવ્યો અને ધમકી આપવામાં આવી.

આમ, રિડેવલપમેન્ટ અંગે ભારે ભ્રમો પ્રવર્તે છે. આનાથી વર્ષોથી સૉસાયટીમાં સંપીને રહેતા સભ્યો વચ્ચે ઝઘડા શરૂ થઈ ગયા છે.

બધા બિલ્ડરો ખરાબ નથી હોતા. ઘણા બિલ્ડરો નિયત સમયમર્યાદાની અંદર યોજના પૂરી કરીને નવા ફ્લેટ બનાવીને આપી દે છે. પરંતુ જે કેટલાક ગંભીર કિસ્સાઓ બને છે તેના કારણે લોકોમાં જાગૃતિ હોવી આવશ્યક છે.

રિડેવલપમેન્ટમાં પોતાનો મહામૂલો પરસેવાની કમાણીથી ખરીદાયેલો ફ્લેટ બિલ્ડરને રિડેવલપ કરવા આપતા લોકોને ખબર જ નથી કે,

૧. તેઓ ગ્રાહક નથી, તેઓ સહ ભાગીદાર છે. સહ પ્રમૉટર છે. તેથી બિલ્ડર તેમને નવા મોટા ફ્લેટ બનાવીને આપે તો કોઈ ઉપકાર કરતો નથી, તે ધંધો જ કરે છે.

૨. જો બૅંક ગેરંટી માગવામાં આવે તો બિલ્ડર એવાં ઠાલાં આશ્વાસન આપે છે કે રેરામાં મારે પૈસા આપવાના જ છે. અને સભ્યો માની પણ જાય છે. પરંતુ જે લોકો પોતાના ફ્લેટ રિડેવલપ કરવા આપે છે તેઓ સમાચાર ૧માં જણાવ્યા પ્રમાણે, સહ પ્રમૉટર છે, તેથી રેરા તેમને લાગુ પડતો નથી.

જ્યાં બિલ્ડરના કારણે લોકોને હેરાનગતિ થાય છે ત્યાં બિલ્ડરની મૉડસ ઑપરેન્ડી કેવી હોય છે કે લોકો ફસાઈ જાય છે?

બિલ્ડર સૉસાયટીના ચૅરમેન, સેક્રેટરી કે કમિટીના કોઈ સભ્યને સાધીને પોતાની દરખાસ્ત મૂકે છે. (એમાં કંઈ ખોટું નથી.) આથી સૉસાયટીના આવા સભ્ય સૉસાયટીના લોકો સાથે બિલ્ડરની એક બેઠક યોજે છે. તેમાં બિલ્ડર મધમાં લપેટીને મીઠી-મીઠી વાત પીપીટી પ્રેઝન્ટેશન સાથે કરે છે. કેટલો મોટો ફ્લેટ મળશે, તેમાં કેવી સુવિધા હશે, સભ્યોને સહિયારી કેવી સુવિધા મળશે, કઈ સિમેન્ટ વપરાશે, કેવી ટાઈલ્સ વપરાશે, કયું લોખંડ વપરાશે ઈત્યાદિ વાતો કરે છે. પ્રૉજેક્ટ કેટલા મહિનામાં પૂરો થશે તેની વાત કરે છે. (જો જેન્યુઈન વાતો હોય તો તેમાંય કંઈ ખોટું નથી.)

મોટા ભાગના સભ્યોને કોઈ પ્રશ્નો હોતા નથી, પરંતુ જો કોઈ એક-બે સભ્ય પ્રશ્નો ઉઠાવે તો ત્યારે મૌખિક રીતે તેમને સંતોષ થાય તેવાં વચનો આપવામાં આવે છે. (વચનેષુ કિમ દરિદ્રતા. વચનો આપવામાં ક્યાં પૈસા જાય છે?) આ મીટિંગમાં ભોજન અથવા સ્વાદિષ્ટ નાસ્તો



રાખવામાં આવે છે.

તે પછી સૉસાયટી દ્વારા બિલ્ડરને નિમવાનો ઠરાવ કરવામાં આવે છે. તે પછીના તબક્કે આવે છે સંમતિ પત્રક. સૉસાયટી આ બિલ્ડર સાથે રિડેવલપમેન્ટ પ્રૉજેક્ટમાં આગળ જવા તૈયાર છે તેવા સંમતિ પત્રક પર સૉસાયટીની રિડેવલપમેન્ટ માટેની સમિતિના લોકો જઈને સભ્યોની સહી કરાવે છે. પરંતુ આમાં જો જાગૃત સભ્ય વાંચે અને વાંધો ઉઠાવે જેમ કે,

૧. સામાન્ય સભામાં તો આટલા ટકા વધારો આપવા કહ્યું હતું અને સંમતિ પત્રકમાં આટલા ટકા જ છે, આવું કેમ?

૨. કોરોના, ભૂકંપ, પૂર, યુદ્ધ, મજૂર ન મળે તેવા ઈત્યાદિ સંજોગોમાં કામ ઠપ થશે તો તે પછી થતા વિલંબ માટે બિલ્ડર જવાબદાર નહીં રહે, પરંતુ મજૂર ન મળે તે બહાનું આની સાથે ભેળવી ન શકાય. તે તો બિલ્ડરની જવાબદારી ગણાય.

૩. બિલ્ડર પોતે કોઈ ત્રીજી પાર્ટી કે ડેવલપરને નહીં રોકે.

૪. બિલ્ડરના માણસને જ સૉસાયટી પીએમસી તરીકે કેમ નિમે છે?

૫. આ બિલ્ડરને જ કેમ રોક્યો? સૉસાયટીએ ટેન્ડરની જાહેરખબર આપી હતી? ટેન્ડર મુજબ શ્રેષ્ઠ ઑફર આપતા બિલ્ડરને કેમ ન રોક્યો?

૬. અગાઉ બે માળ સુધી જ દુકાનોની વાત હતી, હવે આવેલા પ્લાનમાં ચાર માળ સુધી દુકાનો કેમ?

૭. આમાં મુલાકાતી માટેના પાર્કિંગની જગ્યા કેમ નથી?

૮. જ્યારે પણ બિલ્ડર સાથે મીટિંગ કરવામાં આવે ત્યારે તેના માટે બહારથી મગાવાતી ઠંડા પાણીની બૉટલ, નાસ્તો, સૉડા ઈત્યાદિનો ખર્ચ સૉસાયટી શા માટે ભોગવે?

તો સૉસાયટીના સભ્યોને બિલ્ડર કે તેના મળતિયા એવા સૉસાયટીના એક-બે સભ્યો એવું સમજાવે છે કે અત્યારે સહી કરી નાખો, પછી બધું બરાબર થઈ જશે. જો સૉસાયટીનો કૉમન પ્લાન અથવા ફ્લેટનો આંતરિક પ્લાન બરાબર ન હોય તો બિલ્ડરના દલાલ જેવા સૉસાયટીના સભ્યો એવું કહે છે કે અત્યારે સહી કરી નાખો, પછી જોઈએ તેવો પ્લાન મળી જશે.

આમ કહીને, સહી કરાવીને, હાથ બાંધી દેવાય છે. પછી પ્લાન આવે છે તેમાં જો સૉસાયટીના સભ્યો વાંધો ઉઠાવે તો બિલ્ડરના મળતિયા એવા સૉસાયટીના સભ્યો તેમને એમ કહીને ચૂપ કરાવી દે છે કે તમને દરેક બાબતે વાંધો હોય છે. આમ, હવે મુદ્દો બિલ્ડર વિરુદ્ધ સૉસાયટીના સભ્યો નથી હોતો, પણ સૉસાયટીના બિલ્ડર તરફી સભ્યો અને જેમને જેન્યુઈન વાંધા છે તેવા સભ્યો વચ્ચે આવી જાય છે. અને હવે શરૂ થાય છે ઝઘડા. રાણીપ જેવા કિસ્સામાં વાત મારામારી અને પોલીસ ફરિયાદ સુધી પહોંચી જાય છે.


આમેય, સૉસાયટીને પંદર-વીસ વર્ષ તો થઈ જ ગયાં હોય છે એટલે મેઈનટેનન્સના પ્રશ્નો હોવાના જ. એમાં સૉસાયટીના બિલ્ડરના દલાલ સભ્યો પાણી, વીજળી કે બીજી કોઈ સમસ્યા ચોરીછૂપીથી ઊભી કરે છે. જો અગાશીમાં ગાબડું પડે અને સભ્ય રિપેરિંગ માટે કહે તો એમ કહે છે કે હવે સૉસાયટી રિડેવલપમેન્ટ માટે જવાની જ છે ને. આ બધું ચાલતું હોય ત્યાં બિલ્ડર આ સૉસાયટીને તે ડેવલપ કરી રહ્યો છે તેમ દર્શાવતું બૉર્ડ મૂકી દે છે. આ નવી સ્કીમની જાહેરખબરો મીડિયા અથવા સૉશિયલ મીડિયામાં કરી બુકિંગ મેળવવાનું ચાલી કરે દે છે. બૉર્ડ લાગી જાય એટલે આ સૉસાયટીમાં હવે કોઈ સભ્યને પોતાનો ફ્લેટ ભાડે આપવો હોય તો ભાડુઆત મળતા નથી. પરિણામે લોકો કંટાળીને રિડેવલપમેન્ટ માટે જવા તૈયાર થઈ જાય છે. હજુ પણ જે ન માને તેને બિલ્ડરના ગુંડાઓ દ્વારા ધમકી આપવામાં આવે છે.આ ઉપરાંત બિલ્ડર અને તેના મળતિયા જેવા સૉસાયટીના સભ્યો દ્વારા જાતજાતની અફવા ફેલાવી અન્ય સભ્યોની સહી લેવામાં આવે છે, જેમ કે સૉસાયટીમાં કોઈ લડત આપતું હોય તો 'તેણે અમારી પાસે પતાવટ કરવાના આટલા રૂપિયા માગ્યા' અથવા 'તેનું તો અમે જોઈ લઈશું, તેને કૉર્ટમાં લઈ જઈશું' અથવા 'અમે આ સૉસાયટીમાં સસ્તા ભાવે ફ્લેટ ખરીદી તેમાં પીજી છોકરા-છોકરીઓ મૂકી દઈશું એટલે તમને હેરાનગતિ થાય તો કહેતા નહીં' અથવા 'હવે અમને આ સૉસાયટીમાં કોઈ રસ નથી' આવું કહે એટલે તેના મળતિયાઓ સૉસાયટીમાં એવો અપપ્રચાર કરે કે જો આ બિલ્ડર ના પાડી દેશે તો પછી કોઈ બિલ્ડર આપણી સૉસાયટીના રિડેવલપમેન્ટ માટે આગળ નહીં આવે.

આ ઉપરાંત બિલ્ડર પાસે બૅંક ગેરંટી માગવામાં આવે તો તેના મળતિયા એવા સૉસાયટીના સભ્યો જ એમ કહી દે છે કે કોઈ બિલ્ડર આવી બૅંક ગેરંટી ન આપે. બિલ્ડર કેટલાક અન્ય સભ્યોને પોતાની સંપત્તિની વાત કરીને ભોળવે છે કે જરૂર પડશે તો હું મારી સંપત્તિ વેચી દઈશ. પરંતુ ભોળા સભ્યોને ખબર નથી હોતી કે અનેક ઉદ્યોગપતિઓ દેવાળું ફૂંકે તો પણ તેમની સંપત્તિ તેમના નામે નથી હોતી એટલે તેને જપ્ત કરી શકાય નહીં અને જપ્ત કરવાનું કામ સરકાર પાસે હોય, વાત કૉર્ટમાં જાય. સભ્યો તો લટકી જ જાય. સુબ્રતો રોયના સહારાના કેસમાં શું થયું હતું તે બધા જાણે છે. બિલ્ડરે તેની કંપનીમાં ડ્રાઈવર કે ઘરના નોકરને પાર્ટનર બનાવ્યો હોય તો પણ લોકોને આ માહિતી હોતી નથી. અગાઉ બિલ્ડરની એક કંપની સાથે કરાર કર્યા હોય અને પછી તે કંપનીમાંથી પાર્ટનર નીકળી જાય અને બિલ્ડર નવી કંપની બનાવે તો સભ્યો એ નથી સમજતા કે તમારે નવી કંપનીની આર્થિક સદ્ધરતા જોવી પડે. એ ને એ બિલ્ડર છે તે બાબત રિડેવલપમેન્ટમાં જવા પૂરતી નથી. મોટા ભાગે લોકો કૉર્ટના ધક્કા ખાવા તૈયાર નથી હોતા, તેથી એક વાર જો ફ્લેટ તૂટી ગયા અને બિલ્ડર કામ અટકાવી દે અથવા ભાડું કે ગિફ્ટ મની ન આપે, તો માથે હાથ દઈને રોવા સિવાય ફ્લેટના માલિકો પાસે કોઈ ઉપાય હોતો નથી.આથી જ આવશ્યક છે કે સરકાર ફ્લેટ માલિકોના હિતમાં રેરા જેવા કડક કાયદા લાવે. મીડિયા તેમજ કાયદાકીય બાબતે કામ કરતી , સ્ત્રીઓની તરફેણમાં કામ કરતી એનજીઓ કે જ્ઞાતિનાં સંગઠનો આ બાબતે જાગૃતિ લાવવાં અભિયાનો ચલાવે. ■

jaywant.pandya@gmail.com

## સાહેબ..! જીવનમાં ટેન્શન કેમ આવે..?

**હાસ્યાય નમઃ**



ડો. પ્રકાશ દવે

૯૫૭૪૩૭૪૪૫૩

(૧)સ્ત્રીને તેની ઉંમર ના પુછાય, પુરૂષને તેનો પગાર ના પુછાય તો નાના બાળકને?

રક્ષિત વોરા ક્ષિતિજ (ગાંધીનગર)

એના મમ્મીની ઉંમર અને પપ્પાનો પગાર.

(૨)મળેલા જીવ જેવી જોરદાર નવલકથા લખવી છે તો શીર્ષક શું આપી શકાય?

જય દવે (ભાવનગર)

મળેલા દીવ.

(૩) મનને ખુશ રાખવા શું કરવું જોઈએ?

ધોરાજીયા ઘનશ્યામ એન. (સાજણટીંબા)

આ કોલમ વાંચો.

(૪)સાહેબ..! જીવનમાં ટેન્શન કેમ આવે..?

ધોરાજીયા કેવિન ઘનશ્યામ (સાજણટીંબા હાલ કેનેડા)

જીવનમાં ટેન્શન આવે એમાં ક્યાં વાંધો છે? જીવન ટેન્શનમાં ન આવવું જોઈએ.

(૫)આવા સવાલોના જવાબ આપી તમારું મગજ ખરાબ નથી થતું?

ધોરાજીયા ચંદ્રકાંત એન. (સાજણટીંબા)

આમાં ક્યાં મગજની જરૂર પડે છે?!

(૬)મહેમાનને છેક બસ સ્ટેન્ડ સુધી મૂકી આવીએ તોયે "બસ ના મળી" કહીને પાછા આવી જાય છે; શું કરવું ?

કનુભાઈ પરમાર (દામનગર)

તમારા અને મહેમાનોના મોબાઈલના તમામ ચાર્જર ગુમ કરી દો.

(૭)તમારી કોલમ આડા પટ્ટામાં છપાતી હતી તે ઊભા પટ્ટામાં કેમ છપાવા લાગી? કોઈ ખાનગી કારણ?

વાસુદેવભાઈ સોઢા (અમરેલી)

ખાનગીમાં જાણવા મળ્યું છે કે સંજોગ ન્યૂઝ પરિવારને એમ થયું કે આ માણસ સાવ સીધો છે તો એની કોલમ શું કામ આડી છાપવી જોઈએ?!

(૮)તમે ક્યારેય વરસાદની આગાહી કેમ નથી કરતા?

રાજુ એન. જોષી (ધરાઈ બાલમુકુંદ)

બિચારા વરસાદને ખોટો શરમાવવોને?!

(૯)કીડી મંકોડી લાઈનમાં ને માણસ કેમ આઉટ લાઈનમાં?

જયશ્રીબેન બી. મહેતા (કોટડાપીઠા)

આપણે કીડી મંકોડી નથી એ સાબિત કરવા.

(૧૦)મંદિરમાં સ્ત્રીના નામની વસ્તુ કેમ હોય છે?

હરેશભાઈ મકનભાઈ કાવઠિયા (નવા ઉજળા)

એટલે બધે ગયા તો ત્યાં પૂજારીને જ પૂછી લીધું હોત તો?

(૧૧)કેરીની સીઝન કેવી રહી?

ઉન્નતિ મહેતા (કોટડાપીઠા)

એક દિવસ ફેરિયો નવા કપડાં પહેરીને આવ્યો હતો, સારી રહી હશે.

(૧૨)તમને રાગમાં ગાતા આવડે છે?

રામભાઈ પટેલ (સુરત)

ના, રાગડા તાણતા આવડે છે.

(૧૩)નર્વસનેસ એટલે શું?

રમાબેન પટેલ (અમદાવાદ)

આપણને 'અહક' થાય છે એમ અંગ્રેજી આવડે એને નર્વસનેસ થાય.

(૧૪)મારે સમય બહુ ઘટે છે. શું કરવું?

દર્શન પટેલ (વડોદરા)

તમારી ઘડિયાળમાં બારની પાસે એક તેરનો આંકડો પણ લખાવી નાખો એટલે તમારો દિવસ બે કલાક વધી જાય.

(૧૫)બિલાડી વાઘ કરતાં નાની હોય છે, છતાં વાઘની માસી કેમ કહેવાય છે?

યોગેશભાઈ આર જોશી (હાલોલ:જિ.પંચમહાલ)

એટલે જ બડે શયાને કહ ગયે હૈ કે વ્યક્તિનો દેખાવ જોઈને કોઈ ધારણા ન બાંધી લેવી જોઈએ. ■

**નોંધ.. આપના હાસ્યરસિક પ્રશ્નો આપના અને ગામનાં નામ સાથે વોટ્સએપ નં. ૯૫૭૪૩૭૪૪૫૩ પર મોકલો..**

## બહુમતિનો અનાદર અને નવો જનાદેશ

**રાજકીય રસધાર**



પ્રવીણ માધાણી

૨૦૨૪ લોકસભાના પરિણામો બાદ હિન્દુસ્તાનના ઘણા રાજ્યોમાં વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ યોજાઈ ગઈ. તેમની મોટા ભાગની ચૂંટણીઓમાં ભારતીય જનતા પક્ષે અકલ્પનીય વિજય મેળવ્યો છે. રાજનીતિક વિશેષજ્ઞ લોકો એવું કહી રહ્યા છે કે આ બધા રાજ્યોની ચૂંટણીના પરિણામો હિંદુ મતબેંકનો પશ્ચાતાપ છે. જે કસર ૨૦૨૪ની લોકસભામાં કસર રહી ગઈ હતી એ જનતા રાજ્યોની ચૂંટણીમાં પૂરી કરી રહી છે. હિંદુ પોલિટીકલ બેક્લેશ સમગ્ર હિન્દુસ્તાનમાં ફૂંકાઈ રહ્યો છે. હિંદુ આસ્થાને ઠોકરો મારીને પોતાની રાજનીતિ ચમકાવતા પક્ષોનો ધીમેધીમે સફાયો થઈ રહ્યો છે. સાડાચાર વર્ષ સનાતન ધર્મને ગાળો આપીને, હિંદુ દેવી દેવતાઓના અપમાન કર્યે રાખીને ચૂંટણીના બાકીના છ મહિના જનોઈ અને ધોતી પહેરીને ભગવો ઓઢીને મંદિરો શિવાલયોના આંટા મારતા દગાખોર, દોગલા રાજકારણીઓને જનતા હવે ઓળખવા લાગી છે. જેમને એક ચોક્કસ ધર્મમાંથી કોમવાદની બૂ અને એક ચોક્કસ ધર્મમાંથી નિરપેક્ષતાની ફોરમ આવ્યા કરે છે એવા 'ચુનાવી હિંદુ' નેતાઓ છેલ્લા થોડા સમયની સમગ્ર હિન્દુસ્તાનની ચૂંટણીઓના પરિણામોથી દુઃખી દુઃખી થઈ ગયા છે. કોંગ્રેસ, આમઆદમી પાર્ટી, સમાજવાદી પક્ષ જેવા લઘુમતિ તૃષ્ટિકરણમાં દ્રઢ વિશ્વાસ ધરાવતા પક્ષો હવે ચૂંટણી ટાણે મંદિરોના શરણે જતા થઈ ગયા છે. ચોક્કસ મતદાર વર્ગનો વીટો વાપરીને સત્તા મેળવવી હવે શક્ય લગતી નથી.

ડીએમકે, તૃણમુલ કોંગ્રેસ, શિવસેના, આરજેડી જેવા ક્ષેત્રીય પક્ષો જે લઘુમતિ મત આધારિત રાજકારણ કરી રહ્યા હતા એમનો સફાયો થઈ રહ્યો છે. એનસીપી, તૃણમુલ અને શિવસેના જેવા પક્ષોના કોંગ્રેસમાં વિલીનીકરણની ચર્ચાએ જોર પકડ્યું છે. જે લઘુમતિ તૃષ્ટિકરણ મુદ્દા આધારિત આ બધા પક્ષોની રાજનીતિ ચાલી રહી હતી એ મુદ્દાઓને શેષ કરી નાખતા સમાછેડાના પરિબળો મજબૂત રીતે સંગઠિત થઈને મુકાબલે આવ્યા છે. એ બધા પરીબળોના પાયામાં હિન્દુત્વ પડેલું છે. ભારતીય જનતા પક્ષે વર્ષો સુધી પોતાની હિન્દુવાદી વિચારધારા પર કાયમ રહીને આ સફળતા હાંસલ કરી છે. જયારે શિવસેના જેવો ભાજપથી પણ હાર્ડ હિન્દુવાદી પક્ષ વિચારધારાથી ચલિત થઈને ખતમ થઈ જવાના આરે આવું ચુક્યો છે.

જો આ સમયે કોંગ્રેસની નેતાગીરીમાં થોડું પણ જોર કે કૌવત હોત તો આ સમયે બધા નાનાનાના ક્ષેત્રીય પક્ષો પોતાનું અસ્તિત્વ બચાવવા કોંગ્રેસના સાથે જરૂર આવી ગયા હોત, કારણ કે હવે બધાની વિચારધારા એક થઈ ચુકી છે અને તેના પર જ ચાલવું પડે તેવી ફરજીયાત સ્થિતિ આવી પડી છે. એ વિચારધારા અને સ્થિતિ છે અસ્તિત્વનો સવાલ !! કોંગ્રેસ એક એવો પક્ષ છે કે જેનું સમયાંતરે વિઘટન થતું રહ્યું છે અને ક્ષેત્રીય પક્ષો અસ્તિત્વમાં આવ્યા છે. નવાઈની વાત એ પણ છે કે પછી આ જ નાના પક્ષોએ કોંગ્રેસ સાથે મળીને રાજ્યોમાં સરકારો બનાવી છે. ૧૯૬૭મા તમિલનાડુમાં સી.રાજગોપલાચારીએ કોંગ્રેસથી અલગ થયા હતા ત્યારથી આજદિન સુધી તમિલનાડુમાં કોંગ્રેસની સરકાર નથી આવી શકી. આ વર્ષે જોસેફ વિજયની નવી પાર્ટીને ટેકો આપીને સરકારમાં સુક્ષ્મતમ સઝેદારીનો આત્મસંતોષ કોંગ્રેસ લઈ શકશે. એક વાર સત્તા હાથમાંથી ગયા બાદ ૫૯ વર્ષે કોંગ્રેસની સત્તામાં આવી મામૂલી સ્તરે વાપસી થઈ શકી છે. કોંગ્રેસનું સતત વિઘટન થતું રહેવા પાછળના મુખ્ય બે કારણો છે. તેમાં સૌ પ્રથમ પરિવારવાદ અને બીજું કારણ હિન્દુદ્વેશની રાજનીતિ છે. પરિવારવાદે કોંગ્રેસમાંથી મહત્વકાંક્ષી પ્રતિભાઓને બહાર જવા માટે મજબૂર કર્યે રાખી. મહમદ અલી ઝીણાથી લઈને હેમંતા બિસ્વા શરમા સુધીની લાંબી યાદી છે જેઓ કોંગ્રેસમાંથી બહાર ગયેલી પ્રતિભાઓ છે. કોંગ્રેસની હાલની હિંદુ વિરોધી માનસિકતાએ કોંગ્રેસની એકવખત ક્યાય પણ ચૂંટણી હારી ગયા બાદ ફેરવાપસી મુશ્કેલ કે અસંભવ બનાવે રાખી છે. ભારતીય જનતા પક્ષના છેલ્લી ત્રણ લોકસભાની ચૂંટણીમાં ઉદયે હિન્દુત્વની રાજનીતિમાં હવે ભાજપા સિવાય કોઈ જગ્યા બચી રહી હોય એવું લાગી રહ્યું નથી. હવે એલાઈટ હિંદુથી લઈને મધ્યમ, ઉચ્ચ મધ્યમ, ગરીબ, પછાત, મરાઠી, બિહારી, ગુજરાતી સુધી દરેક હિંદુ હવે એક મતબેંકના સ્વરૂપે સપાટીની નીચે એકત્ર થઈ રહ્યો છે. પશ્ચિમ બંગાળના પરિણામોની અસર બે દાયકા સુધી ભારતીય રાજનીતિમાં રહેવાની છે. એક સમયે દેશનો સૌથી ઉચ્ચ બૌદ્ધિક વર્ગ જ્યાં હતો એ રાજ્યમાં ભગવો લહેરાઈ જવો માત્ર પરિણામોના આંકડામાં શમાવી શકાય નહિ. આ એક સંદેશ છે, જે ભારતીય રાજનીતિમાં લાંબો સમયના ફલક પર અસર કરશે.

હવે સ્થિતિ એ આવી છે કે જે સ્થાનિક પક્ષોને લઈને કોંગ્રેસ રાજ્યસ્તરે અસ્તિત્વ બનાવી રાખતો હતો એ સ્થાનિક પક્ષોના અસ્તિત્વ ધીમે ધીમે સમાપ્ત થઈ રહ્યા છે. કોંગ્રેસની રાજ્યોની ટેકણ લાકડી તૂટી રહી છે. રાજનીતિજ્ઞ મકીઆવીલીએ રાજાઓને સલાહ આપી હતી કે ક્યારેય પ્રજાના સન્માન, પ્રજાની ઈજ્જત, પ્રજાના ધર્મ, પ્રજાના ઈમાનને સ્પર્શ કરવો નહિ. એ વાત આજે પણ તેટલી જ સાચી છે. કોંગ્રેસે બોધપાઠ લેવો જોઈએ શ્રીમતિ ઈન્દિરા ગાંધી પાસેથી કે એણે સત્તા તપતી હતી ત્યારે ક્યારેય પણ કોઈ ધર્મની આસ્થાને ઠોકર લાગે એવું નિવેદન કે વલણ અપનાવ્યું નથી. પણ હાલની કોંગ્રેસ અને અન્ય સ્થાનિક પક્ષો આટઆટલી ખરાબ સ્થિતિમાં પણ બોધપાઠ લઈ નથી રહ્યા. જ્યાં ભાજપની એન્ટ્રી નથી થઈ શકી એવા તમિલનાડુમાં પણ સનાતનનો સમૂળ નાશ કરવાના બકવાસ કર્યે રાખતા પક્ષને જનતાએ ઘરભેગો કરી દીધો છે એ સાબિત થઈ ચુક્યું છે કે હવે સનાતનને ગાળ આપીને રાજનીતિક સફળતા કે ઈમારત ઉભા કરી શકાય તેમ નથી. સચ્ચર કમિટી, શાહબાનો કેસ, વકફ બોર્ડ કાયદો હવે ભૂતકાળ છે. આટલું દ્રઢ તૃષ્ટિકરણ કરવું હવે સંભવ નથી. આજે વડાપ્રધાન વિદેશમાં જાય છે તો ત્યાના નેતાઓ માટે તાજમહેલની જગ્યાએ રામમંદિરની પ્રતિકૃતિ અને ભગવદગીતા ભેંટમાં લઈ જાય છે.

ક્વિક નોટ – " હિંદુઓ અને મુસ્લિમોએ શાંતિથી સાથે રહેવું જોઈએ... જેવી રીતે રામના સમયમાં રહેતા હતા. " – રાજીવ ગાંધી, (દિલ્હીના પંજાબી બાગના રામલીલા ઉત્સવમાં બોલતા... ). ■

production@infiniumpharmachem.com

# રૂપાએ ગળતા કંઠે પોતાનું વેણ દોહરાવ્યું



## રાગ - વૈરાગ - 30

રૂપા એ ગળતા કંઠે પોતાનું વેણ દોહરાવ્યું:"

મને થયું ક્યારેક મને તેડવા આવશે અને કહેશે કે "હાલ, આવતી રહે..."...પણ એવું તો ભાગ્ય મારું ક્યાંથી? મેં ખાલી સપના જ જોયા સાહેબ! અરે, એકવાર સાંકડી શેરીમાં હું કોઈની વાડીએથી દાડી કરીને પાછી વળતી હતી. ત્યાં જ એ બેય જણાં આવતા હતા. મનમાં હોંશ ઉપજી કે એનું મોઢું જોઈ લઉં. પણ જેવી હું સામે આવી કે મારી શોકયે બાવડું ખેંચીને પાછો ફેરવી લીધો અને પીઠ ફેરવી ગયા.

મને થયું કે, ઓહ... જેને હું હજી મારો પતિ, મારો પુરૂષ માનતી હતી એને તો હું કશું લાગતી વળગતી જ નથી. મારું કાળજુ કરવતે કરવતે વહેરાઈ રહ્યું. જેની સાથે ચોરીના ચાર ફેરા એ આદમી ફર્યો હતો એ સ્ત્રી સાથે તમામ સગપણ એણે છોડી દીધા હતા.!!

મને જોઈને મારો "જણ "પીઠ ફેરવી ગયો એ જોઈને મને ખૂબ જ દુઃખ લાગ્યું સાહેબ! કાળજે તરડાં પડી ગયા પણ શું કરું? કરી શકું પણ શું ?? મારો અધિકાર તો એની સાથે બોલવાનો તો નહીં,પણ જોવાનો ય નહીં.. હું કાળજા ઉપર પથ્થર મૂકીને મૂંગી રહી.કશું બોલી નહીં. પણ મૂંગા મોઢે નીચી નજરે પડખેથી નીકળી કે શોકય બોલી : "આવાને આવા નશરમા, નકટાં, નઘરોળ અને નીચ માણસો અપશુકન કરાવવા શું કામ સામે ગૂડાતાં હશે?, હવે બહારગામ નથી જવું હાલો ઘેર પાછાં. કલાક પછી નીકળશું."

- સાહેબ, હું નકટી, નઘરોળ કે નીચ હતી?

બોલો, સાચું કહેજો. હું એવી હતી?

- જગત માં ખાલી તમે એક માત્ર મને જાણી શક્યા હતા. કે હું શું હતી?

"હું શું કહુ રૂપી....કે તું શું હતી? તું તો સાક્ષાત દેવી હતી. અને દેવી જ છો.. પણ દુઃખ એ વાતનું છે કે તને કોઈ ઓળખી ન શક્યું."

આનંદ કરૂણા ભર્યા સ્વરે બોલ્યો: "તું ગંગાનદીના પાણી જેવી પવિત્ર હતી અને કાયમ રહીશ.! તું ચંદન જેવી મહેંકતી હતી. તું બરફના શિવલીંગ જેવી આરપાર નિષ્કલંક હતી. તું નાના બાળકના કિલકિલાટ હાસ્ય જેવી નિર્દોષ હતી, છો અને રહીશ. કારણ કે મેં તને રોમેરોમથી ઓળખી છે."

-એ તમારું માનવું છે પણ... પેલો તો." રૂપાએ આગળ કહ્યું. - પેલો મારો જણ તો ખડખડાટ હસ્યો : "હા, એલી. વાત તો તારી સાચી. આવા ઢોંગી ધૂતારાને ઠગારા માણસોના શકન લઈએ તો જીતની બાજી ય હારમાં પલટી જાય. એના કરતા તું કહે છે એમ પાછાં ઘરે જ જતા રહીએ."

લઘુનવલકથા



યોગેશ પંડયા

સાહેબ! વખત વખતનું કામ કરે છે.

મારા સાસુને મોતીયાનું ઓપરેશન કરાવવા લઈ ગયા. ડોક્ટરે ગમે એવા ટીપાં નાખ્યા. કે બન્ને આંખે ધબોઈ નમઃ થઈ ગયું. આંધળા ભીંત...!!!

મારા જેઠને મીઠી પેશાબનો રોગ લાગુ પડયો એમાં પગમાં ખીલી વાગીને પગમાં સડો બેઠો. ઠેઠ ગોઠણથી પગ કપાવવો પડયો.

એક મારા જેઠાણીને હડકાયું કૂતરૂ કરડયું તો એને હડકવા ઉપડયો. સાંકળથી બાંધીને રાખવા પડતા. ખેર, મને એનો કોઈ આનંદ નથી પણ... દુઃખ એ વાતનું છે કે હું જેનું 'માણસ' હતી એણે પણ મને ક્યારેય બોલાવી જ નહીં...!! એકવાર હસીને મારી સામે બોલે. પણ ના, એ સમણાં અધૂરા જ રહ્યા! હું ગામને છેવાડે ચંપાએ કાઢી આપેલા કૂબામાં જીંદગી બસર કરતી હતી. એમાં એક દિવસ ફરીવાર અમારા કુટુંબમાં ઝઘડો થયો. એકબાજુ અમારું ઘર અને એકબાજુ સામેના મારા કાકાજીના, બે ઘર સંપી ગયા. અને મારા એક જેઠને માર્યા. એનું વેર લેવા મારા દિયરે એમાના એકને તલવારના ઝાટકા માર્યા અને એ વેરનું વેર લેવા એક ગોઝારી રાતે મોટરસાયકલ લઈને આવતા મારા ઘરવાળાને પેલા બન્ને અને ભાડૂતી માણસો ફરી વળ્યાં. એક સાથે છરીના એકત્રીસ ઘા...!

એક સાથે અમારા બેય ના ચૂડીચાંદલા નંદવાણા. મારા અને મારી શોક્યનાં.

ચૂડાકરમ વિધિ કરવા મને બોલાવી અને હું ગઈ. પણ શું સાહેબ? જેની સંગ એક રાતનોય રાતગુજારો નહીં, ખાલી ખાલી ઢીંગલાં પોતિયા જેવી રમત રમાડીને અમને પરણાવી દીધા હતા એ માણસ..?? મારો પતિ હતો?

ના, હવે મન પણ સ્વીકારવા તૈયાર નહોતું અને જયારે લગ્ન થયા ત્યારે તો તન પણ ક્યાં સ્વીકારવા માંગતું જ હતું? આ તો ઉબરાની અને માબાપની આબરૂને ખાતર હું ગઈ હતી. ગમે એમ પણ તેના નામનું સિંદુર મારા માથામાં પૂરાયેલું હતું!

- એ મારો પતિ હતો તોય શું? - અને હવે નથી તોય શું?

બાર દિવસ જતી આવતી રહેતી. તોય આંધળી ભીંત સાસુ બોલતી કે તારી કુદષ્ટિ અમારા આખા ઘરનેય લાગી ગઈ. નહિંતર આમ ન હોય! હસતું કિલ્લોલતું ઘર હતું. પણ જયારથી તું આવી ત્યારથી જ બંધ બેઠી છે. કોણ જાણે કિયા શકનની તને અમે લાવ્યા? ફૂલટા કૂળની...ક્યાંથી આવી?

- સાહેબ, પિયરમાં મને માતાજીનું સાક્ષાતરૂપ ગણી પૂજવાવાળા ઓછાં નહોતા. અને અહીં હું ફૂલટી હતી. ચંપાનો વર રાઘવ મારા ધણિનો ભાઈબંધ હતો. એ ટાણે મોળું વરહ આવ્યું. દાડીયું ઓછી મળતી હતી અને કડિયાકામમાં રોજમદારી નો દર વધુ હતો.

રાઘવે મને કહ્યું કે "ભાભી! હું કડિયાકામે જાઉં છું ત્યાં ટોપલિયા તરીકે તમને લઈ જાઉં. કપાસ વીણવાની દાડી કરતા દોઢી દાડી મળશે.'

"પણ મારે જવું શેમાં?"

"લ્યો, કરો વાત. મારૂ ફટફટિયું છે જ ને?" એ બોલ્યો અને-

- હું મૂરખી દોઢી દાડીના મોહમાં રાઘવ સાથે આવતી જતી થઈ ગઈ! અઠવાડિયું પંદર દિવસ મહીનો... એમ કરતા કરતા ચોમાસું આવ્યું. ગામથી પંદરેક કિલોમીટર દૂર એક શહેરમાં બંગલાનું ચણતરકામ ચાલે. અને વરસાદ શરૂ થયો. ધીરે ધીરે કરતા તૂટી પડયો. મોડું થઈ ગયું. અંધારૂ થવા આવ્યું ત્યારે કૈંક મોળો પડ્યો અને રાઘવની સાથે નીકળી. પણ શહેરની બહાર નીકળ્યાને પાછો શરૂ થયો. દસેક કિલોમીટર વરસતા વરસાદમાં કાપી તો નાખ્યું. પણ હવે વેગ વધ્યો હતો.

અમારા ગામથી બે ખેતરવા દૂર બારેમેઘ ખાંગા થઈ ગયા. એકકોર ધોધમાર વરસાદ, અને એકકોર વીજળી સળાવા લે. એવું થાય કે પડી કે પડશે.! કપડાં ભીના થઈ ગયા હતા એને નીચવ્યા નીચવ કરતી હતી, ને અચાનક રાઘવે...મારું કાંડુ ઝાલ્યું. 'અરે...રાઘવભાઈ આ શું કરો છો?'

તો કહે કે "ભાભી....બધું જાણું છું. તમે કેટલા તરસ્યા છો. ભવ ભવ ના તરસ્યા છો ને?!.... હાલો , આજ તો મારી ને તમારી બેય ની તરસ મીટાવી લઈએ. મોકો તો આજે ઉપર વાળાએ જ આપણને આપ્યો છે એમ માનજો. !!બાકી, તમારી પીડા તો હું કે દું'નો સમજી ગયો હતો. અને એણે મને ખેંચી. મેં કહ્યું કે મારો પતિ તારો ભાઈ જેવો ભાઈબંધ હતો. ત્યારે જ તું મને ભાભી કહેતો હોઈશને?

એ કહે : "ભાભી...સાથેના સંબંધમાં બધું જ મંજુર હોય છે." "ફટ રે ભૂંડા....! તેં શું ધારીને મારૂ કાંડુ ઝાલ્યું મારા વીરા??!"

"તું મને ઓળખી ન શક્યો.? "હું તારી મા છું વીરા."

તે દિ' માતાજીએ લાજ રાખી દીધી'તી. કેમ કે જે જગ્યાએ અમે ઊભા'તા , એ ત્યાંથી આઈના ડુંગરા ઉપર બેઠેલા માતાજીના પગથિયા શરૂ થતા હતા. એ પગથિયા માતાજીના મંદિરના હતા.

પણ તોય એની આંખોમાં સાપોલિયાની આંખો ચમકી ઉઠતી'તી..

-ત્યાં જ ક્યાંક વીજળી ખાબકી. મોટો લીસોટો થયો અને એ લીસોટામાં એણે મારી આંખો જોઈ. પ્રચંડ કડાકો થયો, અને એ ડરી ગયો.

કશું જ બોલ્યા વગર ફટફટિયું ચાલ્યુ કર્યું અને મને કહે : 'ભાભી...ભૂલ થઈ ગઈ. બેસી જાવ, હાલો આપણે ઘેર જતા રહીએ.'

પણ ભૂલ એક વાર માફ થાય. બીજી વાર ન થાય. અને તપ તો વિશ્વામિત્ર ઋષિ જેવાનાંય ક્યાં અખંડ રહ્યા હતા? રાઘવ ની નજર સતત મારા દેહ ઉપર ફરતી રહેતી હતી. એ મારી જરૂરિયાત કરતાં વધારે કાળજી લેવા માંડ્યો હતો.પણ મને એ જરાય ગમતી વાત નહોતી.પણ મારી મજબૂરી હતી.કે બે રૂપિયા રળવા એનો જ સહારો હતો

બાકી તો હું શું કરેત?? મેં એને કેટલીય વાર વાર્યો.કે ચંપા તારી પત્ની છે.હું નથી.એટલે મારી સાથે વાતું કરવા કરતા,મારી આગળ પાછળ ફરવા કરતાં તું ચંપાને પ્રેમ કર.હું તો અહલ્યા જેવી માત્ર પથ્થરની મૂર્તિ છું.મારા તમામ સપના અને તમામ ઈચ્છાઓ હવે મારી ચૂકી છે.પણ રાઘવ ને સાચું સમજાતું જ નહોતું.એ ભમરા જેમ મારી આસપાસ ફરતો હતો અને પછી...

મારી લીધે થઈને ચંપા અને રાઘવ વચ્ચે ઝઘડા થવા લાગ્યા. મૂળ તો હું જ પનોતી હતીને?

ચંપાએ એક દિવસ મને કહ્યું : "જેની થાળીમાં ખાધું એની થાળીમાં જ થૂકી?"

ફટ છે તને.!

જેને આશરો આપ્યો ઈ જ મારો મોભ ખાંગો કરવા ઊભી થઈ?

નીકળી જા બહાર.

- ઘણાં આદમી મળી રહેશે. જગતમાં પુરૂષોનો તૂટો નથી.

- રાં....છીનાળ ! આટલું બોલતા તો રૂપા નો સ્વર તૂટી ગયો..એક ઊંડો શ્વાસ લીધો અને પછી કહે : 'સાહેબ , ખૂબ ગાળો ખાધી છે બધાયની...'આટલું બોલતાં તો રૂપા હાંફી ગઈ:

પણ...પણ...પણ ....પછી કોઠે પડી ગયું.

એના ઘરમાંથી બહાર નીકળી ગઈ.

ઘરવખરીમાં તો બીજું હતુંય શું?

-બે હાંલ્લા! કુસ્તી કરતા હતા કાયમ!

એક ફાટેલી ગોદડી. - એક ટંકડી!

કોણ સહારો આપે? પણ તોય પડયા છે સતના થાંભલા.!

ગામના બાવાજી ચેતનરામ મહારાજે આડા પડીને કહ્યું : "ચાલ મારી બેન. મારા ઘેર ચાલ..."

મેં કહ્યું : 'જીવતી પનોતી છું મારા વીરા! કાલ સવારે મારે લીધે થઈને તારે ગાળ્યું સાંભળવી પડશે...ખોટા આળ ઓઢવા પડશે..એવું પણ થાય કે મારે જ લીધે થઈને જીવતર ઝેર પણ થઈ જાય..મારા ભાઈ! હું દુનિયાની નજરે વંતરી છું,ચુડેલ છું, ડાકણ છું. એટલે સો વાર વિચાર કરજે.નહીતર પછી સાપ છછૂંદર ગળ્યા જેવું થાશે..!" પણ એ મક્કમ હતો.મને કહે, "' મારી બેનડી,જે થવું હોય એ થાય.હું કોઈ થી બીતો નથી. તું ચાલ,મારા ઘરે.હું ને મારી મા બેય છીએ." પછી કહે," અને આજથી તું મારી બેન! બે ભાઈબેન અને એક મા!

આપણે બન્ને ભાઈબેન અને ત્રીજી આપણી મા! મને તેની આંખ્યુમાં સાક્ષાત હનુમાન જતિ દેખાણા.અને હું એના ઘર તરફ વળી..પણ મને ખબર નહોતી કે જીવતરની આ સફર તો સાવ થોડા દિવસો પૂરતી જ હશે.."

★★

એ જ પળે ધર્મશાળા માં નીચેના માળે આવેલી આનંદની રૂમ સામે ના દાદરા ના પગથિયાં ઉતરી ને એક આધેડ પુરુષ આ તરફ આવતો ભાળ્યો કે ,ક્યારનીય બહાર ઊભા રહીને આનંદ - રૂપાની વાત સાંભળી રહેલી પેલી વ્યક્તિ પીલ્લર આડે સંતાઈ ગઈ.પેલો પુરુષ ઘડીક ત્યાં ઊભો રહ્યો અને પછી આનંદની રૂમ તરફ ચાલતો થયો..પેલી વ્યક્તિનું હૃદય જોર જોરથી ધડકી ઊઠ્યું.. ■

# આંખોમાંથી પડતાં ગરમ ગરમ આંસુને તેની હાથની હથેળીમાં ઝીલી લે તે સાચો મિત્ર...!



## રાખનાં રમકડાં

એહજી સોફામાં જ બેઠી હતી ત્યાં તો ઓચિંતો જ મહેશ આવ્યો ને શાંતિની પાસે બેસી ગયો. એકાએક આવું થતાં શાંતિને તો ફાળ પડી ગઈ. એ સાથે તેનો ગભરાટ પણ વધ્યો. સાથે સાથે શ્વાસ પણ ઝડપથી વધ્યા પરંતુ મહેશ તો આરામથી બેઠો હતો.

"તું કેમ આજે આટલો બધો વહેલો ઊઠી ગયો ?" શાંતિએ છાતી પર હાથ રાખી પૂછ્યું.

"આજે ઊંઘ વહેલી ઊડી ગઈ, એટલે ઊઠી ગયો." મહેશે જવાબ આપ્યો.

"એ તો ઠીક પણ તું આમ... ઓચિંતો અંદર આવ્યો એટલે હું સાચે જ ગભરાઈ ગઈ. હજી હમણાં જ મને સાળુ આછું થવા લાગ્યું છે. સાળું કેમ થતું હશે...?" શાંતિ બોલી.

"આવું બધું થવાનું કારણ આપણા વિચારોનું પરાક્રમ છે. ખોટા વિચારો ઓછા કરો અને વધારે પડતું વિચારવાનું તો બંધ જ કરવું પડશે... ભાભી !" મહેશે કહ્યું.

"હું એક સ્ત્રી છું, ઘર લઈને બેઠી છું, નોકરી પણ કરું છું, એટલે અલગ અલગ પ્રકારના અનેક વિચારો તો આવે જ. એ કઈ થોડા રોકીએ એમ બંધ થઈ જાય...?"

"મારું કહેવાનું એમ છે કે, ડર અને ભય તેમજ ચિંતા પેદા કરે તેવા વિચારો વિશે વધારે પડતું વિચારવું સારું નહીં. બાકી બીજા બધા વિચારો તો ભલેને આવે..."

"આ તું સાચું કહે છે...?" શાંતુએ પૂછ્યું.



ધારાવાહી નવલકથા

અમૃત પરમાર

"હા... ભાભી !" મહેશે આગળ કહ્યું: "હું સાચું જ કહું છું. ડર પેદા કરે તેવા અને ભય ઉત્પન્ન કરે તેવા વિચારોને આપણા મનમાં જરાપણ જગ્યા ન આપવી, આવું કરવાથી આ સમસ્યાનો તરત જ અંત આવી જશે..."

"તું બેસ, હું તારા માટે ચા લઈને આવું છું. થોડીવાર પહેલાં જ મેં દામલને ચા આપેલી. ચા પીને તે સ્કૂલે ગયો, બેસજે..." આટલું કહી શાંતુ રસોડા તરફ ચાલી ગઈ.

થોડીવાર થઈ ત્યાં તો શાંતુ ચા લઈ આવી પહોંચી. ચા નો કપ મહેશેના હાથમાં આપતાં જ તે બોલી: "દામલ આવી ગયો છે, મેં તને કહ્યું તેમ આપણા બે વચ્ચે જે કંઈ બન્યું તે બધું ગપ્ત રાખવાનું છે. હવે તારે ને મારે ખૂબ જ સતર્ક રહેવું પડશે. થોડીવાર પહેલાંની જ વાત કરું: સવાર સવારમાં દામલ આવ્યો, આવતાવેંત દામલનો ચહેરો મેં જોયો તો મને ફાળ પડી ગઈ. તે મને જાણે ઘુરકી ઘુરકીને જોઈ રહ્યો હતો. હું તો ખૂબ જ ગભરાઈ ગઈ. એટલા માટે હું તને આ બધું કહી રહી છું..."

"ભાભી...! તમે આટલા બધા ડરો છો શું કામ ? તમે મને કહ્યું તેમ હું એ બાબતનું ખૂબ જ ધ્યાન રાખીશ. તમે મારી ચિંતા ન કરો. જ્યારે એવું કંઈક વધારે પડતું લાગશે તો હું મારી નોકરી પણ છોડી દઈશ, બસ ! આપણે કંઈક અનેરા સંબંધથી બંધાઈ ચૂક્યા છીએ એ સાચું, પરંતુ તમારા સંસારમાં હું ક્યાંય આડો નહીં આવું. હા, તમારા સંસારમાં હું ક્યાંય આગ લગાવવાનું કામ તો ક્યારેય નહીં કરું, તમે જરાપણ ચિંતા ન કરો..." મહેશે આવું બોલ્યો.

થોડીવાર બેસીને મહેશ તો તેના રૂમમાં જતો રહ્યો, શાંતુ ઘરકામમાં લાગી ગઈ. દામલ તો સ્કૂલે ચાલ્યો ગયો હતો. હવે સાડા-દસ થતાં મહેશે પણ નોકરીએ જતો રહ્યો,

એટલે હવે બપોરની રસોઈ બનાવવા શાંતુ લાગી પડી. આમ બપોરના બાર થતાં રસોઈનું અને ઘરનું બધું કામકાજ શાંતુએ આટોપી લીધું. એટલે હવે સાવ શાંતિ હતી.

શાંતુને સ્કૂલે જવાના સમયને વધારે વાર ન હતી. એટલે તો તે તૈયાર થવાના કામમાં લાગી. રોજની જેમ હવે શાંતુ સાડી પહેરવા લાગી. સામે જ મોટા અરીસામાં સરસ મજાનું પોતાનું પ્રતિબિંબ જોતાં જોતાં તે વ્યવસ્થિત રીતે તેના અંગ પર સાડી પહેરવા લાગી. સ્ત્રીનું સાચું અને સારું એવું વ્યક્તિત્વ સાડીમાં જ સમાયેલું છે. કોઈપણ સ્ત્રી સાડીમાં વધારે શોભે છે. અત્યારે શાંતુ ખરે જે સાડી પહેરેલી હાલતમાં ખૂબ જ મસ્ત મસ્ત દેખાતી હતી. બરાબર એ પૂરેપૂરી તૈયાર થઈ ગઈ ત્યારે જ દામલ ઘરમાં આવ્યો. તેને જોતાં જ શાંતુએ કહ્યું:

"મેં થોડું જમી લીધું છે. મારે ટાઈમ થયો છે એટલે સ્કૂલે જવા નીકળું છું. ટેબલ પર બધું જ ખાવાનું રાખી મૂક્યું છે. તું નિરાંતે જમી લેજે, બરાબર..." આટલું બોલી શાંતુ તો ઉતાવળે ચંપલ પહેરી દરવાજાની બહાર નીકળી ગઈ. સ્કૂલેથી આવીને દામલ તો એમ જ થોડીવાર તો સોફામાં બેસી રહ્યો. મોડે મોડે બપોરના દોઢ વાગે તે રસોડામાં દાખલ થયો. જમવા બેઠો. જરાપણ ઉતાવળ કર્યા નિરાંતે તેણે જમી લીધું. જમી લીધા પછી તે રોજના નિયમ પ્રમાણે બેડરૂમમાં દાખલ થયો. આલીશાન પલંગ પર પથારીમાં લાંબો થઈ તેણે વર્તમાનપત્ર વાંચવાનું શરૂ કર્યું. (ક્રમશઃ) ■



# પૈસાની ભૂખમાં ઘણીવાર જે સુખ છે એય ભોગવવાનું ભૂલી જવાય છે

અગાઉ લોકડાઉને આપેલા અણધાર્યા એકાન્તને કારણે એક્સપ્રેસ દોડતા લાખો લોકોને પોતાની જિંદગી પર નિરાતે વિચારવાનો સમય મળ્યો. વધુ પડતા તો ઘરે જ ધામા નાંખ્યા હોય એટલે શ્રીમતીની ઓછીવત્તી ટકટક ટીકાનો લાભ પણ મળ્યો હોય. પહેલી નજરે ટીકા લાગતા એ વચનોએ ખરેખર તો ઘણા ગૃહસ્થોનો ઉદ્ધાર કરેલો છે. પણ એ વાક્યો તો જેને અડે એને અડે. એક કાનેથી સાંભળીને બીજે કાનેથી વાતને ઉડાડી દેનારા ચાલાક ઘરધણીઓ પણ ક્યાં ઓછા છે. પણ કોઈ તો એવા હોય છે જે હજાર ફોતરાના ઢગલામાંથી પોતાનો દાણો વીણી લે છે. આપડે આખી દુનિયાને જોવાની જરૂર નથી કારણ કે એ તો પાર ન આવે એવો દરિયો છે. આપડે આપડા ખપ પૂરતી દુનિયાની જ ઝાંખી કરવાની હોય છે. પણ તોય એમાં કેન્દ્રમાં સ્વજીવન હોય છે. સ્વમૂલ્યાંકન ને સ્વ-આયોજન હોય છે. મનુષ્યનો સ્વભાવ એવો છે કે અધિક નાણાંની લ્હાયમાં એ જે સુખ છે એને ભોગવવાનું ભૂલી જાય છે.

આપણને એવો સમય મળે અને ત્યારે મળે જ્યારે આપણે પ્રવૃત્ત હોઈએ કે ખરેખર આપણી સ્થિતિ શું છે એનો વિચાર થાય તો એની મઝા જુદી છે. આની શરૂઆત બહુ ઉપરના માળેથી કરવાની જરૂર નથી. સાવ સીધીસાદી રીતે વિચારો કે આપણે જિંદગીની સફરમાં કેટલું ચાલ્યા ને કેટલું બાકી ? રસ્તો તો બરાબર છે ને ! શિયાળો શરૂ થયો છે ને સામેના રસ્તાના કિનારે એક માજી મીઠાં મધુરા બોર વેચવા બેઠા છે. બોરનો ઢગલો જાણે લાલ ચટ્ટાક માણેકની મહોલાત ! એમના રામ તો આવનારા ગ્રાહકના સ્વાંગમાં છે. એમણે આ જિંદગીના વરસો પસાર કર્યા હોય. તડકા-છાંયા જોયા હોય.પણ છાંયો એમની સાથે નથી રહ્યો. તડકો જ તડકો છે. બોર વીણતા હશે ત્યારે જે એકાદ કંટક વાગે એનાથી અધિક તો એને જિંદગીએ જ દંશ આપ્યા હશે. આનાથી વિપરીત પણ હોય. બે છોકરાઓને પરણાવીને ઘર વહુઓને સોંપીને એયને સવારે વગડામાં એકલા જ નીકળી પડતા હોય. એ એમનો આનંદ હોય. અને બોર વીણી-વેચીને જે બે પૈસા મળે એ સંતાનોના સંતાનોને માટે વાપરતા હોય. વહુદીકરાને આધીન થવાને બદલે પોતાનું ચપટીક કમાઈ લેવાનું ગૌરવ એમને પ્રિય હોય. તેઓ જ્યાં છે ત્યાં પોતે ઠીક જ છે એમ માનતા હોય તો એના જેવું તો બીજું સુખ શું હોય ! અને કદાચ સુખ ન હોય તો પણ કંઈ દુઃખ નથી - નું સુખ પણ એક મોટું સુખ છે.

જે કાફલામાં નીકળીએ એની સાથે તો ચાહો તો પણ ન રહી શકાય, સહુનો આગળ-પાછળનો ક્રમ થાય. ક્યારેક ક્યાંક રોકાઈ જવાય ને કાફલો તો આગળ નીકળી જાય. પગમાં તાન ચડે તો વળી ખુદ અધિક આગળ નીકળે. આ આગે-પીછે પણ સ્થળ અને કાળને સાપેક્ષ. ફૂટપટ્ટી બદલાવો તો માપ ન બદલાય પણ જિંદગીમાં તો દરેક અલગ કે નવી ફૂટપટ્ટીએ માપ જુદા જુદા આવે. એમાંય માપનાર પ્રમાણે પણ માપ બદલાય. કોને માનીને ચાલશો ? એકવાર જેને પોતાની જિંદગી પારકી ફૂટપટ્ટીએથી તોળતા રહેવાની ટેવ પડી ગઈ એને તો આ ભવમાં પોતાનું ખરું માપ કદી હાથ ન લાગે.

પોતાની જિંદગીને બીજાઓના ત્રાજવે જેઓ માપતા રહે છે તેમને પોતાનું વજન તો ભલે ન મળે પણ આ મહાન અને રળિયામણી વ્યક્તિગત જિંદગીની આનંદલ્હાણ પણ પ્રાપ્ત થતી નથી; તેમને મળે છે અકારણનો અસંતોષ.

અસંતોષ આપણા મનને 'જે નથી' તેના પર કેન્દ્રિત કરીને 'જે છે' એનો આનંદ પણ ઉડાડી દે છે. સરવાળે જિંદગી નથી-નથી-થી ઉભરાઈ જાય છે. 'છે' થી છલકાતી જિંદગી જ માણવા જેવી હોય છે. કેટલાક લોકો બીજાઓની લાઈફને પોતાની લાઈફમાં જીવવા ચાહતા હોય છે જે અસંભવ અને ભ્રામક છે. આ પ્રવૃત્તિ તમને પાષાણ યુગમાં લઈ જાય છે. ઉપાસના ચાહે દેવોની હોય કે કોઈ સત્ વિચારની - એ તો જ તપ બને જો એ ભવિષ્યને અજવાળી આપે. જિંદગી એક ઉપાસના છે, આનંદોપાસના. બધા જ દોડે છે તો સુખ પાછળ, તેમાંના કેટલાક શાંતિને સુખ માને છે ને કેટલાક માત્ર સમૃદ્ધિને જ સુખ માને છે.શાંતિનું સુખ વર્તમાનનું સુખ છે અને સમૃદ્ધિનું સુખ ભવિષ્યનું સુખ છે. શાંતિ માધ્યમ પણ છે, સમૃદ્ધિ સુધી પહોંચવાનું કારણ કે સંપત્તિ સહિતના કોઈ પણ સર્જનમાં શાંતિ ઉદ્દીપક વિભાવના છે. શરૂઆત સુખથી ન હોય, શાંતિથી જ હોય. આપણે ત્યાં ગુજરાત અને ગુજરાતીમાં સુખાકારીનું જે ત્રિપદીય લોકસૂત્ર છે તે સુખ, શાંતિ અને સમૃદ્ધિનું છે, પણ એનો ક્રમ ખોટો છે. ક્રમ ખરેખર તો શાંતિ, સમૃદ્ધિ અને સુખ - એમ હોવો જોઈએ. પહેલા પદ દ્વારા બીજા અને બીજા પદ દ્વારા ત્રીજા પદ સુધી પહોંચવાનું છે જે સ્વભાવે મનુષ્ય અને જીવમાત્રનું મનથી ઘડાયેલું લક્ષ્ય હોય છે. પરંતુ વિદ્વાનોએ એના પછીનું ચતુર્થ પદ પણ ઉમેર્યું તે છે આનંદ. સુખ આલંબિત છે, આનંદ નિરાલંબિત છે. સુખને આધાર અને કારણ જોઈએ, આનંદ સહજાનુભવ છે. સહજાનંદ અતિશય મધુર અને પરમ શબ્દ છે.બીજાઓને પોતાના જીવનના નમૂનેદાર રોલ મોડેલ તરીકે સ્વીકારવાની વાત મોટિવેશનલ વક્તાઓ કરે છે તે સામાન્યતામાંથી માણસને ઊભો કરવા માટે છે. માત્ર એક રન વે છે પછી એ છોડીને તમારે ઊંચી ઉડાન આરંભવાની હોય છે. જે છે તે સ્વયંમાં જ છે એને બાહ્યાધારો એ સ્વત્ત્વને અનાવરણિત કરવામાં મદદ કરે એટલું જ. જ્ઞાન વૃક્ષ પાસે નથી, એ તો બુદ્ધમાં અને પ્રબુદ્ધમાં હોય છે. પરંતુ બુદ્ધને પિપ્પલક વૃક્ષનું આલંબન ક્ષણ માત્ર માટે ઠીક લાગ્યું એનાથી વૃક્ષ બોધિવૃક્ષ થયું. બુદ્ધ તો બુદ્ધ જ છે. બુદ્ધને વૃક્ષતળે પવનની એક આછી અમથી લહેર જ બસ થઈ રહે. એથી વધુ આલંબનની એને શી તમા ?આ સંસારમાં કેટલા બધા લોકો એવા છે જેને કોઈ દુઃખ નથી. તેઓ જ ખરેખર તો સુખની પાઠશાળા છે. આ મનુષ્યત્વની ઊંચી અવતારી જાતિ છે. તેઓ કંઈ એકલ-દોકલ નથી. આખી પૃથ્વી પર પ્રચ્છન્ન રીતે ફેલાયેલા છે. તેઓ દેખાવે પણ દરિદ્ર ન લાગે કારણ કે તેમના ચહેરા પર પરિતોષની આભા હોય છે. એક પ્રકારનો ઉજાસ જે આપણા જન્મના પ્રથમ સપ્તાહે માતાના ચહેરા પર હોય છે. અથવા એવો રંગ જે કેસૂડા ખિલે એ પહેલાં પલાશની ડાળીઓમાં છૂપાયેલો હોય છે. કોઈ મુગ્ધાની કેશલતાની અમસ્તા જ લહેરાતી લટનો લય તેમની વાણીમાં હોય છે. આપણે છેલ્લા બસો વરસમાં મનુષ્ય તરીકે વ્યક્તિગત જરૂરિયાતોની અભિવૃદ્ધિ જ કરતા આવ્યા છીએ. એને કારણે સુખના આલંબનો જ એટલા વધતા રહ્યા છે કે હવે તો મનુષ્ય એમાં નિત્યનૂતન ઉમેરણ કરતા જ રહે છે. દુઃખ આગંતુક હોય તે હોય પણ ઊભા કરેલા દુઃખ ટકાઉ હોય છે. જેનું આગમન હોય એનું નિર્ગમન પણ હોય એ સંજોગોનો ઉપકાર છે. એટલે આવનારા દુઃખ તો આવે ને જાય પણ ઊભા કરેલા દુઃખને દૂર કરવામાં તો એક વિરાટ સૈન્યની શક્તિ પણ ઓછી પડે. ■

સપ્તરંગ

દિલીપ ભટ્ટાચાર્ય

.આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ પ્રા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી.

# ખેડૂતોના હિતમાં વધુ એક નિર્ણયને કિસાન મોરચાના પ્રદેશ અધ્યક્ષ હિરેન હિરપરાએ આવકાર્યો

અમરેલી,તા.૦૪



ગુજરાત ભાજપ કિસાન મોરચાના પ્રદેશ અધ્યક્ષ હિરેન હિરપરાએ ખેડૂત હિતમાં લેવાયેલા વીજ ટ્રાન્સમિશન ટાવર અને પાવર લાઈનો અંગેના ઐતિહાસિક નિર્ણય બદલ પ્રધાનમંત્રી, ગૃહમંત્રી અને મુખ્યમંત્રી સહિતના નેતાઓનો આભાર માન્યો છે. આ નિર્ણય સરકારની ખેડૂત કલ્યાણ પ્રત્યેની પ્રતિબધ્ધતા દર્શાવે છે.

નવા સુધારા મુજબ, હવે જંત્રી આધારિત મૂલ્યાંકનને બદલે જમીનની પ્રવર્તમાન બજાર કિંમતના ૨૦૦ ટકા (બમણા) દરે વળતર અપાશે. ટાવરના પાયા માટે વળતર નક્કી કરતી વખતે ચારેય બાજુના વધારાના એક મીટર વિસ્તારને પણ ગણતરીમાં લેવાશે. વળતરની ચુકવણી હવે વિવિધ તબક્કાને બદલે એક જ હપ્તામાં ૧૦૦ ટકા કરી દેવાશે, જેથી ખેડૂતોને સમયસર આર્થિક સહાય મળે. જમીનની બજાર કિંમતના પારદર્શક મૂલ્યાંકન માટે જિલ્લા કલેક્ટરની અધ્યક્ષતામાં 'માર્કેટ રેટ કમિટી' રચાશે, જેમાં ખેડૂતોના પ્રતિનિધિઓ પણ સામેલ થશે.

# લીમખેડા અકસ્માત: હોસ્પિટલથી પરત ફરતા ત્રણ પિતરાઈ ભાઈઓના કરુણ મોત

લીમખેડા,તા.૦૪



લીમખેડાના ખીરખાઈ ગામના ત્રણ કૌટુંબિક ભાઈઓ-અનિલ (૨૧), સંજય (૧૮), અને રતન (૧૮)-હોસ્પિટલમાં દાખલ સગાની ખબર પૂછીને બાઈક પર ઘરે પરત ફરી રહ્યા હતા. વિજય હોટલ પાસે એક પિકઅપ વાને તેમની બાઈકને જોરદાર ટક્કર મારી, જેમાં ગંભીર ઈજાઓ થવાના કારણે ત્રણેય યુવકોનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. અકસ્માત બાદ ચાલક વાહન લઈને નાસી છૂટ્યો હતો. પોલીસે મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે ખસેડી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# અમરેલી જિલ્લા બેંકના ડિરેક્ટરે ટીબીની હોસ્પિટલમાં સવા લાખ રૂપિયાનું દાન આપ્યું

અમરેલી,તા.૦૪



અમરેલી જીલ્લા મ.સ. બેંક લી. નાં ડિરેકટર સંગીતાબેન નલીનભાઈ જોષી, તેમનાં કાકા નરેશભાઈ, કાકી જયોત્સનાબેન સાથે તાજેતરમાં સ્વામી શ્રી નિર્દોષાનંદજી માનવસેવા હોસ્પિટલ, ટીંબી (જી.ભાવનગર)ની શુભેચ્છા મુલાકાતે આવ્યા હતા. હોસ્પિટલમાં ચાલતા નિઃશુલ્ક આરોગ્યલક્ષી સેવાકાર્યમાં સહભાગી થવા તેમણે તેમના માતા સ્વ. મંજુલાબેન નલિનભાઈ જોષીની સ્મૃતિમાં સવા લાખ રૂપિયાનું અનુદાન અર્પણ કરેલ. આ તકે તેઓનું ટ્રસ્ટી બી.એલ. રાજપરા, ટ્રસ્ટી પરેશભાઈ ડોડીયા અને ટ્રસ્ટી લવજીભાઈ નાકરાણી દ્વારા બ્ર.પ.પૂ. સદ્‌ગુરુદેવ લિખિત પુસ્તક 'જીજ્ઞાસુ પિયુષ' અને શાલ અર્પણ કરી સન્માનિત કરવામાં આવેલ. અગાઉ પણ સ્વ. મંજુલાબેન દ્વારા અનુદાન પ્રાપ્ત થયેલ છે.

# પીએમ મોદીને ઓસ્ટ્રેલીયા પ્રવાસ દરમિયાન મારી નાખવાની ધમકી

નવી દિલ્હી,તા.૦૪

પીએમ મોદીને ઓસ્ટ્રેલિયા પ્રવાસ દરમિયાન જાનથી મારી નાખવાની ધમકી મળી છે. ઓસ્ટ્રેલિયાની ફેડરલ પોલીસ મોદીને મળેલી ધમકીની તપાસ કરી રહી છે. ધ ઓસ્ટ્રેલિયા ટુડેના રિપોર્ટ અનુસાર, ધમકી ફેસબુક પર "મેલબર્ન મીટ્સ મોદી" કાર્યક્રમના પ્રચાર સંબંધિત એક પોસ્ટ નીચે લખવામાં આવી હતી.પોસ્ટ નીચે અબુ મુસ્તફા નામના ફેસબુક એકાઉન્ટ પરથી લખવામાં આવ્યું હતું કે, "કાર્યક્રમ દરમિયાન સ્ટેડિયમની છત બંધ રાખવી જોઈએ, નહીં તો તે ઓસ્ટ્રેલિયામાં પોતાના મોત માટે આવશે." તપાસ એજન્સીઓએ તે પોસ્ટ સાથે સંકળાયેલા IP એડ્રેસની ઓળખ કરી લીધી છે.મોદી ૮ જુલાઈથી ૧૦ જુલાઈ સુધી ઓસ્ટ્રેલિયામાં રહેશે. "મેલબર્ન મીટ્સ મોદી" કાર્યક્રમ ૯ જુલાઈએ મેલબર્નના માર્વેલ સ્ટેડિયમમાં યોજાવાનો છે. મોદી તેમાં સામેલ થાય તેવી શક્યતા છે. ધમકી સામે આવતા જ ઓસ્ટ્રેલિયન ફેડરલ પોલીસને જાણ કરવામાં આવી હતી.

**દેશભરમાં ચાલી રહેલા "એક પેડ માં કે નામ" અભિયાનને વધુ વેગ આપવા**

# ૧૦૦ ખેડૂતોને વિનામૂલ્યે કુલ ૧૦ હજાર કેસર આંબાની કલમો અપાશે : દિલીપ સંઘાણી

અમરેલી,તા.૦૪

દેશભરમાં ચાલી રહેલા "એક પેડ માં કે નામ" અભિયાનને વધુ વેગ આપવા તેમજ પર્યાવરણનું જતન અને ખેડુતોની આવકમાં વધારો થાય તે હેતુથી કાઉન્સિલ ફોર એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ (CARD) દ્વારા અમરેલી જિલ્લામાં નવી પહેલ હાથ ધરવામાં આવી છે. પ્રથમ તબક્કામાં જિલ્લાના ૧૦૦ ખેડુતોને પ્રતિ ખેડૂત ૧૦૦ કેસર આંબાની કલમો વિનામૂલ્યે આપવામાં આવશે. આ રીતે કુલ ૧૦ હજાર કલમોનું વિતરણ કરાશે. આ યોજનાનો મુખ્ય ઉદેશ ખેડુતોને બાગાયતી ખેતી



તરફ પ્રોત્સાહિત કરવાનો છે જેથી તેઓ ભવિષ્યમાં વધારાની આવક મેળવી શકે. યોજનાનો લાભ લેવા ઈચ્છુક ખેડુતોએ અરજી સાથે જરૂરી દસ્તાવેજો અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક ખાતે જમા કરાવવાના રહેશે. અરજીઓ પહેલા આવો પહેલા મેળવોના ધોરણે સ્વીકારવામાં આવશે.

# સાવરકુંડલામાં મેઘરાજાની તોફાની બેટિંગ: બે કલાકમાં ત્રણ ઈંચ વરસાદ

સાવરકુંડલા,તા.૦૪




સાવરકુંડલા શહેરમાં સાંજે વાતાવરણમાં અચાનક પલટો આવ્યા બાદ મેઘરાજાએ તોફાની બેટિંગ કરી હતી. સાંજે ૬:૩૦ થી ૮:૩૦ સુધીના માત્ર બે કલાકમાં જ અંદાજે ત્રણ ઈંચ જેટલો ધોધમાર વરસાદ ખાબક્યો હતો. આ ભારે વરસાદને કારણે શહેરના મુખ્ય માર્ગો અને નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. લાંબા વિરામ બાદ પડેલા આ વરસાદથી લોકોને અસહ્ય ગરમી અને બફારામાંથી મોટી રાહત મળી હતી અને સમગ્ર પંથકમાં ઠંડક પ્રસરી ગઈ હતી.

# ભાવનગર યુનિ. સંલગ્ન સેલ્ફ ફાઈનાન્સ કોલેજ સંચાલક મંડળના પ્રમુખની વરણી

અમરેલી,તા.૦૪

મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી સંલગ્ન સેલ્ફ ફાઈનાન્સ કોલેજ સંચાલક મંડળની તાજેતરમાં યોજાયેલી સાધારણ સભામાં સર્વાનુમતે ડૉ. ધર્મિષ્ઠાબેન નિરવભાઈ દવે, મેનેજિંગ ટ્રસ્ટી, સ્વામી વિવેકાનંદ કોલેજ, પાલીતાણાની સેલ્ફ ફાઈનાન્સ કોલેજ સંચાલક મંડળના પ્રમુખ તરીકે વરણી કરવામાં આવી હતી. આત્મનિર્ભર કોલેજ સંચાલક મંડળના ઈતિહાસમાં પ્રથમ વખત મહિલા શિક્ષણવિદને આ જવાબદારી સોંપવામાં આવી છે. શિક્ષણ ક્ષેત્રે તેમના લાંબા અનુભવ, દૃઢ



નેતૃત્વ અને શિક્ષણ પ્રત્યેની પ્રતિબધ્ધતાને ધ્યાનમાં રાખીને તેમની પસંદગી કરવામાં આવી હતી. તેમની વરણીને શિક્ષણજગતમાં આવકાર મળ્યો છે. મંડળના હોદ્દેદારો, સભ્યો, વિવિધ સેલ્ફ ફાઈનાન્સ કોલેજોના સંચાલકો, આચાર્યો અને શિક્ષણવિદોએ તેમને અભિનંદન પાઠવી સફળ કાર્યકાળ માટે શુભેચ્છા વ્યક્ત કરી હતી.

# ઉનામાં દારૂના નશામાં પતિએ પત્નીની પથ્થર મારી હત્યા કરતા ચકચાર

ઉના,તા.૦૪

ઉના શહેરમાં એક મુસ્લિમ પરિવારમાં ઘરેલુ ઝઘડો લોહિયાળ ઘટનામાં ફેરવાતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. શહેરમાં રહેતો ૫૦ વર્ષીય ખલીલ દાઉદભાઈ કાદીયાત દારૂ પીવાની કુટેવ ધરાવતો હોવાનું સામે આવ્યું છે. આજે બપોરે તે દારૂના ભારે નશામાં ઘરે પહોંચ્યો હતો. ઘરે આવ્યા બાદ પત્ની સમીમબેન સાથે કોઈ બાબતે ઉગ્ર બોલાચાલી શરૂ થઈ હતી. થોડી જ વારમાં ઝઘડો એટલો ઉગ્ર બન્યો કે ખલીલે ઘરમાં પડેલો મોટો



તસવીર : કૈલાશ ભટ્ટ

પથ્થર ઉપાડી પત્નીના માથામાં જોરદાર ફટકો માર્યો હતો. ગંભીર ઈજા થતાં સમીમબેન લોહીલુહાણ હાલતમાં જમીન પર ઢળી પડ્યા હતા અને તેમનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. ઘટનાને અંજામ આપ્યા બાદ આરોપી ખલીલ ત્યાંથી ફરાર થઈ ગયો હતો. બનાવની જાણ થતાં પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આરોપીને ઝડપી પાડવા માટે પોલીસે શોધખોળ શરૂ કરી છે.


## :: જાહેર નોટીસ ::

આથી અમો નીચે સહી કરનાર-**એસ.પી.ભડકોલીયા, (એમ.કોમ, એલ.એલ.બી., એડવોકેટ & નોટરી)**, સરનામુ-પોલીસ સ્ટેશન સામે, મુ.લીલીયા, તા.લીલીયા, જિ.અમરેલી ના અમોના અસીલની સુચના અને ફરમાઈશ મુજબ નીચેની વિગતે જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે,

અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના મોજે-ક્રાંકચ ગામે ખેડુત ખાતા નં-૨૪૯૬ ની ખેતીના માલીકશ્રી રાજુભાઈ માધાભાઈ ભરવાડ ના સ્વતંત્ર નામે સ.નં-૩૭૩/૧અ પૈકી ૨૬, ક્ષેત્ર.હે.આરે.ચોમી. ૧-૩૯-૬૨, આકાર-૧૨.૪૩ વાળી ખેતીની જમીન આવેલ છે. તેમજ રજુ કરેલ ૭/૧૨, ૮અ મુજબ અન્ય કોઈનો બોજો, ગીરો, હક નોંધાયેલ નથી.

ઉપરોકત જણાવ્યા મુજબના ખેડુત ખાતેદાર માલીક પાસેથી ઉપરોકત વિગતે જણાવેલ સર્વેનંબર, ખાતા નંબર, ક્ષેત્રફળ, તેમજ આકાર વાળી ખેતીની જમીન અમોના અસીલ વેચાણથી ખરીદ કરી, લેવા માંગતા હોઈ, જેથી જાહેર જનતાને આથી જાણ કરવામા આવે છે કે, ઉપરોકત જણાવેલ જમીન ઉપર કોઈનો હક, હિત, હિસ્સો, દાવો, લીયન, બોજો, ગીરો, વેચાણખત, સાટાખત કે બાનાખત તેમજ લાગ ભાગ કે હક હિસ્સો સમાયેલા હોય તો, આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં અમો રૂબરૂ આધાર પુરાવાઓ સાથે ઉપરના સરનામે રજુ કરશો. જો તેમ નહિ કરવામાં આવે તો હક જતો (વેવ) કરેલ છે, તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે.

સદરહુ ખેતીની જમીન સંબંધે કોઈપણ પ્રકારના રેવન્યુ ખાતામાં, પંચાયત વિભાગમાં, કે કોઈ પ્રકારની કોર્ટમાં કે અન્ય કોઈ જગ્યાએ વાદ વિવાદ ચાલતા હોય, કે ચાલેલ હોય તો તેવા વાદ વિવાદના પક્ષકારોએ સાધનીક કાગળો સાથે આ નોટીસની તારીખથી દિન-૭ (સાત) માં અમારો ઉપરના સરનામે સંપર્ક કરવો. જો તેમ નહિ કરવામાં આવે તો ઉપરોકત ખેતીની જમીન ટાઈટલ કલીયર છે. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. ત્યારબાદ કોઈપણનો વાંધો, વચકો કે તકરાર ચાલશે નહિ. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

મારા અસીલની સુચના અને ફરમાઈશથી....

**એસ.પી.ભડકોલીયા**
**(એડવોકેટ & નોટરી)**
**મો.નં.૯૮૯૮૮૩ ૧૩૮૯૪**

**સ્થળઃ- લીલીયા**
**તારીખઃ- ૪/૭/૨૦૨૬**


# મોઠા ગામમાં ધાર્મિક અને સામાજિક કાર્યોની ઉજવણી

ઉના,તા.૦૪



ઉના તાલુકાના મોઠા ગામે બ્રહ્મલીન સંત બંસીગીરીજી બાપુની ૪૧મી પુણ્યતિથિ નિમિત્તે ગ્રામજનો અને યુવાનો દ્વારા વિવિધ ધાર્મિક તેમજ સામાજિક કાર્યક્રમો યોજાયા હતા. આ પાવન પ્રસંગે મોઠા પ્રાથમિક શાળામાં બાળકો માટે બટુક ભોજન અને પર્યાવરણની જાળવણી માટે ભવ્ય વૃક્ષારોપણનું આયોજન કરવામાં આવ્યું હતું. ગામના દૂધનાથ મહાદેવ આશ્રમમાં બાપુએ પ્રજ્વલિત કરેલો ધુણો આજે પણ જીવંત છે, જ્યાં દર મંગળવારે લોટ પ્રસાદ ચઢાવવાની વર્ષો જૂની પવિત્ર પરંપરા શ્રધ્ધાળુઓ દ્વારા અતૂટ શ્રધ્ધા સાથે જાળવી રાખવામાં આવી છે.


## જાહેર નોટિસ

આથી હું અમીત પી. ચોવટીયા(એડવોકેટ) અમારા અસીલની સુચના અને ફરમાઈશ અનુસાર આ જાહેર નોટિસ આપવામાં આવે છે કે, અમારા અસીલ નીચેના પરીશીષ્ટમાં દર્શાવેલ મિલ્કત ખેતીની જમીન ખરીદ કરવા માંગે છે અને તેના માલીક **(૧) મનસુખભાઈ વશરામભાઈ દેવાણી, (૨) હિંમતભાઈ વશરામભાઈ દેવાણી, (૩) બાલુભાઈ વશરામભાઈ દેવાણી,** બધા રહે.મું. સણોસરા, તાલુકો : અમરેલી, જિલ્લોઃ અમરેલી વાળા પાસેથી વેચાણ રાખવા માગણી કરેલ છે.

સદરહું મિલ્કત પરત્વે કોઈ વ્યકિત, સંસ્થા કે, કોઈપણનો વેચાણ, ગીરો, બક્ષિસ, બાનાખત કે અન્ય કોઈપણ પ્રકારનો હકક હિત હોય, બોજો, ચાર્જ, લીયન, ભરણપોષણ કે અન્ય કોઈ હકક હોય કે, સદરહું જમીન માટેના કબ્જા બાબતે કોઈને વાદ-વિવાદ હોય કે, આ મિલ્કત પરત્વે કોઈ કરાર/લખાણ કે અન્ય કોઈ પ્રકારનો હકક/વિવાદ હોય તો આ નોટિસ પ્રસિધ્ધ થયે **દિન-૮ (આઠ)** માં નીચેના સરનામે લેખીતમાં રૂબરૂ અથવા તો રજી. એડીથી જાણ કરવી. **દિવસ-૮** નો સમય વિત્યાબાદ કોઈને આ અંગે હરકત, વાંધા, તકરાર, સરખું નથી અને જો હોય તો તેમણે સ્વેચ્છાએ જતા (વેઈવ) કરેલ છે. તેમ માની અમારા અસીલશ્રી દસ્તાવેજ બનાવવા કાર્યવાહી હાથ ધરશે અને આ અંગેની કોઈ જ તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહિ જેથી લાગતા વળગતાએ સર્વેએ નોંધ લેવી.

**પરિશિષ્ટ**

**ગુજરાત રાજયના અમરેલી જિલ્લાના અમરેલી તાલુકાના મોજે સણોસરા ગામના ખેડ ખાતા નં.૩૭૭ સ.નં.૪૭૨ (પ્રમોલગેશન પહેલાના જુના સ.નં.પ૧પૈકીર) ની હે.આ.ચો.મી.૧-૫૦-૮૬ ધારણ કરનાર (૧) મનસુખભાઈ વશરામભાઈ દેવાણી, (૨) હિંમતભાઈ વશરામભાઈ દેવાણી, (૩) બાલુભાઈ વશરામભાઈ દેવાણી વાળી ખેતીની જમીન અમારા અસીલ ખરીદ કરવા માગે છે.**

**અમીતભાઈ પી. ચોવટીયા** (એડવોકેટ)
મો.૯૯૧૩૬ ૪૧૧૬૭.
સરનામું : ઓફિસ નં.૧૦૧-૧૦૨, પહેલો માળ, ટ્રેડ સેન્ટર, મલય ઝેરોક્ષની સામે,
સીવીલ હોસ્પીટલ રોડ,અમરેલી - ૩૬૫૬૦૧



## :: જાહેર નોટીસ ::

આથી અમો નીચે સહી કરનાર-**એસ.પી.ભડકોલીયા, (એમ.કોમ, એલ.એલ.બી., એડવોકેટ & નોટરી)**, સરનામુ-પોલીસ સ્ટેશન સામે, મુ.લીલીયા, તા.લીલીયા, જિ.અમરેલી ના અમોના અસીલની સુચના અને ફરમાઈશ મુજબ નીચેની વિગતે જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે,

(૧) અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના મોજે-ભોરીંગડા ગામે ખેડુત ખાતા નં-૬૨૪ ની ખેતીના માલીકશ્રી સુવાગીયા દેવશીભાઈ લાલજીભાઈ ના સ્વતંત્ર નામે સ.નં-૮૦૯ (જૂનો સ.નં-૧૪૩ પૈકી ૧) ક્ષેત્ર.હે.આરે.ચોમી. ૧-૧૧-૪૧, આકાર-૩.૮૫ વાળી ખેતીની જમીન આવેલ છે.

(૨) અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના મોજે-ભોરીંગડા ગામે ખેડુત ખાતા નં-૬૨૮ ની ખેતીના માલીકશ્રી સુવાગીયા ભરતભાઈ દેવશીભાઈ ના સ્વતંત્ર નામે સ.નં-૮૧૦ (જુનો સ.નં-૧૪૩ પૈકી ૨) ક્ષેત્ર.હે.આરે.ચોમી. ૧-૧૬-૪૫, આકાર-૪.૦૦ વાળી ખેતીની જમીન આવેલ છે. સદરહુ જમીનના ૭/૧૨ માં કિસાન સેવા સહકારી મંડળી લી. રૂા.૧૨,૦૦,૦૦૦/- ના તારણમાં બોજો નોંધાયેલ છે. તે સિવાય રજુ કરેલ ૭/૧૨, ૮અ મુજબ અન્ય કોઈનો બોજો, ગીરો, હક નોંધાયેલ નથી.

ઉપરોક્ત જણાવ્યા મુજબના ખેડુત ખાતેદાર માલીક પાસેથી ઉપરોકત વિગતે જણાવેલ સર્વેનંબર, ખાતા નંબર, ક્ષેત્રફળ, તેમજ આકાર વાળી ખેતીની જમીન અમોના અસીલ વેચાણથી ખરીદ કરી, લેવા માંગતા હોઈ, જેથી જાહેર જનતાને આથી જાણ કરવામા આવે છે કે, ઉપરોક્ત જણાવેલ જમીન ઉપર કોઈનો હક, હિત, હિસ્સો, દાવો, લીયન, બોજો, ગીરો, વેચાણખત, સાટાખત કે બાનાખત તેમજ લાગ ભાગ કે હક હિસ્સો સમાયેલા હોય તો, આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં અમો રૂબરૂ આધાર પુરાવાઓ સાથે ઉપરના સરનામે રજુ કરશો. જો તેમ નહિ કરવામાં આવે તો હક જતો (વેવ) કરેલ છે, તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે.

સદરહુ ખેતીની જમીન સંબંધે કોઈપણ પ્રકારના રેવન્યુ ખાતામાં, પંચાયત વિભાગમાં, કે કોઈ પ્રકારની કોર્ટમાં કે અન્ય કોઈ જગ્યાએ વાદ વિવાદ ચાલતા હોય, કે ચાલેલ હોય તો તેવા વાદ વિવાદના પક્ષકારોએ સાધનીક કાગળો સાથે આ નોટીસની તારીખથી દિન-૭ (સાત) માં અમારો ઉપરના સરનામે સંપર્ક કરવો. જો તેમ નહિ કરવામાં આવે તો ઉપરોકત ખેતીની જમીન ટાઈટલ કલીયર છે. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. ત્યારબાદ કોઈપણનો વાંધો, વચકો કે તકરાર ચાલશે નહિ. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

મારા અસીલની સુચના અને ફરમાઈશથી....

**એસ.પી.ભડકોલીયા**
**(એડવોકેટ & નોટરી)**
**મો.નં.૯૮૯૮૮૩ ૧૩૮૯૪**

**સ્થળઃ- લીલીયા**
**તારીખઃ- ૪/૭/૨૦૨૬**


# આયાતુલ્લાહ અલી ખામેનીના અંતિમ સંસ્કારમાં ભારત સહિત અનેક દેશોના પ્રતિનિધિઓ હાજર

નવી દિલ્હી,તા.૦૪

ઈરાનના પૂર્વ સર્વોચ્ચ નેતા આયાતુલ્લાહ અલી ખામેનીના અંતિમ સંસ્કાર તેહરાનના ગ્રાન્ડ મોસલ્લા ખાતે શરૂ થયા છે, જેમાં ૧ કરોડથી વધુ લોકો ઉમટી પડે તેવી આશા છે. અમેરિકા અને ઈઝરાયલ સાથેના યુધ્ધ દરમિયાન હવાઈ હુમલામાં ૮૬ વર્ષીય ખામેની અને તેમના પરિવારના સભ્યોના મોત થયા હતા. ભારત વતી બિહારના રાજ્યપાલ સૈયદ અતા હસનૈન અને વિદેશ રાજ્યમંત્રી પવિત્રા માર્ગેરિટાએ હાજર રહી શ્રધ્ધાંજલિ આપી હતી.


ધો. ૧૦-૧૨ પુરક પરિક્ષા
પાસ આઉટ - પ્રવેશ ચાલુ
ધો.-૧૧ આર્ટસ કોમર્સ સાયંસ
ગુજરાતી - ઈંગ્લીશ મિડીયમ
BA - B.Sc. માઈક્રો - BT
B.Com. બન્ને મિડીયમ
BBA - BCA - PTC પ્રવેશ
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ
સ્થળઃ-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ), ચક્કરગઢ રોડ, અમરેલી-Ad 117



## જાહેર નોટિસ

આથી હું અમીત પી. ચોવટીયા(એડવોકેટ) અમારા અસીલની સુચના અને ફરમાઈશ અનુસાર આ જાહેર નોટિસ આપવામાં આવે છે કે, અમારા અસીલ નીચેના પરીશીષ્ટમાં દર્શાવેલ મિલ્કત ખેતીની જમીન ખરીદ કરવા માંગે છે અને તેના માલીક **ધર્મેશભાઈ રવજીભાઈ કાપડીયા,** રહે.મું. સણોસરા, તાલુકો : અમરેલી, જિલ્લોઃ અમરેલી વાળા પાસેથી વેચાણ રાખવા માગણી કરેલ છે.

સદરહું મિલ્કત પરત્વે કોઈ વ્યકિત, સંસ્થા કે, કોઈપણનો વેચાણ, ગીરો, બક્ષિસ, બાનાખત કે અન્ય કોઈપણ પ્રકારનો હકક હિત હોય, બોજો, ચાર્જ, લીયન, ભરણપોષણ કે અન્ય કોઈ હકક હોય કે, સદરહું જમીન માટેના કબ્જા બાબતે કોઈને વાદ-વિવાદ હોય કે, આ મિલ્કત પરત્વે કોઈ કરાર/લખાણ કે અન્ય કોઈ પ્રકારનો હકક/વિવાદ હોય તો આ નોટિસ પ્રસિધ્ધ થયે **દિન-૮ (આઠ)** માં નીચેના સરનામે લેખીતમાં રૂબરૂ અથવા તો રજી. એડીથી જાણ કરવી. **દિવસ-૮** નો સમય વિત્યાબાદ કોઈને આ અંગે હરકત, વાંધા, તકરાર, સરખું નથી અને જો હોય તો તેમણે સ્વેચ્છાએ જતા (વેઈવ) કરેલ છે. તેમ માની અમારા અસીલશ્રી દસ્તાવેજ બનાવવા કાર્યવાહી હાથ ધરશે અને આ અંગેની કોઈ જ તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહિ જેથી લાગતા વળગતાએ સર્વેએ નોંધ લેવી.

**પરિશિષ્ટ**

**ગુજરાત રાજયના અમરેલી જિલ્લાના અમરેલી તાલુકાના મોજે સણોસરા ગામના ખેડ ખાતા નં.૭૭૯ સ.નં.૪૭૩ (પ્રમોલગેશન પહેલાના જુના સ.નં.પ૧પૈકી/૧)ની હે.આ.ચો.મી.૧-૫૧-૦૨ ધારણ કરનાર ધર્મેશભાઈ રવજીભાઈ કાપડીયા વાળી ખેતીની જમીન અમારા અસીલ ખરીદ કરવા માગે છે.**

**અમીતભાઈ પી. ચોવટીયા** (એડવોકેટ)
મો.૯૯૧૩૬ ૪૧૧૬૭.
સરનામું : ઓફિસ નં.૧૦૧-૧૦૨, પહેલો માળ, ટ્રેડ સેન્ટર, મલય ઝેરોક્ષની સામે,
સીવીલ હોસ્પીટલ રોડ,અમરેલી - ૩૬૫૬૦૧

### એકસાથે પાંચ શક્તિશાળી સિસ્ટમ સક્રિય હોવાથી

# રાજ્યમાં તા. ૧૦ સુધી ભારેથી અતિભારે વરસાદની આગાહી

**આઠ જિલ્લામાં ઓરેન્જ અને ૬ જિલ્લામાં યલો એલર્ટ આપવામાં આવ્યું**

રાજકોટ,તા.૦૪

ગુજરાતમાં આગામી ૧૦ જુલાઈ સુધી ભારેથી અતિભારે વરસાદની આગાહી હવામાન વિભાગે કરી છે. રાજ્યમાં હાલ શિયર ઝોન, ટ્રફ, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ, વેલ માર્કડ લો પ્રેશર અને સીઝનલ ટ્રફ સહિત પાંચ શક્તિશાળી સિસ્ટમ એકસાથે સક્રિય હોવાથી વરસાદનું જોર વધશે. આજે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના ૧૨ જિલ્લામાં રેડ એલર્ટ જાહેર કરાયું છે જ્યારે આઠ જિલ્લામાં ઓરેન્જ અને છ જિલ્લામાં યલો એલર્ટ આપવામાં આવ્યું છે. ગાજવીજ, વીજળી અને ૪૦થી ૫૦ કિમીની ઝડપે પવન ફૂંકાવાની શક્યતાને કારણે દરિયો અતિ તોફાની



રહેવાની આગાહી છે અને બંદરો પર ૩ નંબરનું સિગ્નલ લગાવી માછીમારોને દરિયો ન ખેડવા સૂચના અપાઈ છે. અમદાવાદમાં અત્યાર સુધી સામાન્ય સરેરાશ કરતાં અંદાજે ૪૦ ટકા ઓછો વરસાદ નોંધાયો છે. રાજ્યમાં ગત ૨૪ કલાક દરમિયાન અનેક તાલુકાઓમાં ભારે વરસાદ વરસ્યો છે, જ્યારે માંગરોળમાં માત્ર ત્રણ દિવસમાં જ સિઝનના ૧૦૩ ટકા જેટલો વરસાદ નોંધાતા સમગ્ર વિસ્તાર પાણીથી તરબોળ બન્યો છે.

**વરસાદને કારણે બે ડેમ હાઈએલર્ટ પર**

અત્યાર સુધીમાં નર્મદા ડેમ તેની કુલ ક્ષમતાના ૬૪.૧૧ ટકા જેટલો ભરાયો છે. જ્યારે, અન્ય ૨૦૬ જળાશયોમાં કુલ ક્ષમતાના ૩૬.૦૯ ટકા પાણીનો જથ્થો ઉપલબ્ધ છે. હાલમાં ૧૦ ડેમ ૭૦થી ૧૦૦ ટકા, ૨૦ ડેમ ૫૦થી ૭૦ ટકા, ૫૮ ડેમ ૨૫થી ૫૦ ટકા, ૧૧૮ ડેમ ૨૫ ટકાથી નીચે ભરાયેલા છે. જેમાં ૨ ડેમ હાઈ એલર્ટ, ૧ ડેમ એલર્ટ અને ૭ ડેમ વૉર્નિંગ પર મૂકવામાં આવ્યા છે. રાજ્યમાં ભારે વરસાદની પરિસ્થિતિને પહોંચી વળવા માટે ૧૦ NDRFની ટીમ અને ૨૫ SDRFની ટીમ તૈનાત કરવામાં આવી છે, જ્યારે ૩ NDRF અને ૮ SDRFની ટીમ રિઝર્વ રાખવામાં આવી છે.

**દ્વારકા-સોમનાથ હાઈવે સંપૂર્ણપણે બંધ**

જૂનાગઢ જિલ્લામાં ભારે વરસાદના તાંડવ વચ્ચે દ્વારકા-સોમનાથ હાઈવે સંપૂર્ણપણે બંધ થઈ ગયો છે. માંગરોળ તાલુકાના હુસેનાબાદ પાસે નોળી નદી પર આવેલો બ્રિજ ભારે પૂરના કારણે ધોવાઈ ગયો છે. આ ઉપરાંત માંગરોળના અનેક ગામો સંપર્ક વિહોણા છે.

## જામનગરમાં આશાસ્પદ યુવાનની છરીના ઘા ઝીંકી ક્રૂર હત્યા

જામનગર,તા.૦૪

જામનગરના ખેતીવાડી વિસ્તારમાં ૨૦ વર્ષીય કરણ વાઘેલા નામનો યુવાન મોડી સાંજે છાશ લેવા નીકળ્યો ત્યારે દારૂના નશામાં ધૂત ૪-૫ ગુંડાઓએ વાહન ભટકાવવાના બહાને ઝઘડો કરી તેના પર છરી વડે જીવલેણ હુમલો કર્યો હતો. પેટ અને પડખાના ભાગે ગંભીર ઈજાઓ થતાં સારવાર દરમિયાન કરણનું મોત નીપજ્યું હતું. આ ક્રૂર ઘટના નજીકના સીસીટીવી કેમેરામાં કેદ થઈ છે.

મૃતકના પરિવારે પોલીસ પર અસામાજિક તત્વોને છાવરવાનો ગંભીર આરોપ લગાવ્યો છે. પરિવારે ચીમકી ઉચ્ચારી છે કે જ્યાં સુધી તમામ હુમલાખોરોની ધરપકડ નહીં થાય, ત્યાં સુધી તેઓ મૃતદેહ સ્વીકારશે નહીં. હાલ પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે આરોપીઓને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.

## અમરેલી કલેકટર કચેરીને બોમ્બથી ઉડાવી દેવાનો નનામો પત્ર મળતા ચકચાર

**પત્રની જાણ થતા ડોગ સ્કોવોડ, સીટી પોલીસ દ્વારા સર્ચ ઓપરેશન, કંઈ ન મળતા હાશકારો**

અમરેલી,તા.૦૪

અમરેલી કલેક્ટર કચેરીને બોમ્બથી ઉડાવી દેવાની ધમકીભર્યો નનામો પત્ર મળતા વહીવટી તંત્ર અને પોલીસમાં ખળભળાટ મચી ગયો હતો. ઘટનાની જાણ થતાં જ અમરેલી સીટી પોલીસ હરકતમાં



આવી હતી. તાત્કાલિક ડોગ સ્કવોડ, એસઓજી અને સ્થાનિક પોલીસની ટીમોએ કલેક્ટર કચેરીમાં સઘન સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. સમગ્ર કચેરી અને આસપાસના વિસ્તારમાં ઝીણવટભરી તપાસ કરવામાં આવી હતી. જોકે લાંબી તપાસ બાદ કોઈ શંકાસ્પદ વસ્તુ કે વિસ્ફોટક સામગ્રી મળી આવી નહોતી. જેના કારણે વહીવટી અને પોલીસ તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો. આ પહેલાં પણ કલેક્ટર કચેરીને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી ચૂકી હોવાથી ઘટનાને ગંભીરતાથી લેવામાં આવી છે. હવે આ નનામો પત્ર કોણે મોકલ્યો, તે ક્યાંથી પોસ્ટ કરવામાં આવ્યો અને તેની પાછળનો હેતુ શું હતો તે અંગે પોલીસે વિવિધ દિશામાં તપાસ શરૂ કરી છે.

## વડોદરા માંજલપુર પેટાચૂંટણી માટે ૧૩ જુલાઈ પહેલા ભાજપ ઉમેદવારનું નામ જાહેર કરશે

અમદાવાદ,તા.૦૪

ચૂંટણી પંચે વડોદરાની માંજલપુર વિધાનસભા બેઠકની પેટાચૂંટણી જાહેર કરતા જ રાજકીય ગરમાવો આવી ગયો છે. સિનિયર ધારાસભ્ય યોગેશ પટેલના અવસાનથી ખાલી પડેલી આ બેઠક માટે ૩૦ જુલાઈએ મતદાન અને ૩ ઓગસ્ટે પરિણામ જાહેર થશે. ચૂંટણી માટે ૬ જુલાઈએ જાહેરનામું બહાર પડશે અને ૧૩ જુલાઈ ફોર્મ ભરવાની છેલ્લી તારીખ છે.

ભાજપના મુખ્ય પ્રવક્તા ડૉ. અનિલ પટેલે જણાવ્યું કે પક્ષ ૧૩ જુલાઈ પહેલાં જ ઉમેદવારનું નામ જાહેર કરી દેશે. ભાજપનો ગઢ ગણાતી આ સેફ બેઠક પર ટિકિટ મેળવવા સ્થાનિક નેતાઓમાં ભારે હોડ જામી છે. પ્રદેશ નેતાગીરી આ બેઠક રેકોર્ડ બ્રેક માર્જિનથી જીતવા માટે અત્યારથી જ એક્શન મોડમાં આવી ગઈ છે.

## ગુજરાત સરકારના માર્ગ અને મકાન વિભાગમાં ૧૨૨ વર્ક આસિસ્ટન્ટને અધિક મદદનીશ ઈજનેર તરીકે બઢતી

ગાંધીનગર,તા.૦૪

ગુજરાત સરકારના માર્ગ અને મકાન વિભાગ દ્વારા વર્ક આસિસ્ટન્ટ (સિવિલ), વર્ગ-૩માં ફરજ બજાવતા ૧૨૨ કર્મચારીઓને અધિક મદદનીશ ઈજનેર (સિવિલ), વર્ગ-૩ તરીકે બઢતી આપવામાં આવી છે. વિભાગે ૩ જુલાઈ, ૨૦૨૬ના રોજ આ અંગેના સત્તાવાર આદેશો જાહેર કર્યા હતા. બઢતી મેળવનાર કર્મચારીઓને જિલ્લા પંચાયત, માર્ગ અને મકાન વિભાગની વિવિધ કચેરીઓ તેમજ અન્ય એકમોમાં નવી ફરજ સોંપવામાં આવી છે. આ નિર્ણયથી લાંબા સમયથી પ્રમોશનની રાહ જોતા કર્મચારીઓમાં ખુશી જોવા મળી રહી છે. સરકારના આદેશ મુજબ તમામ કર્મચારીઓએ પોતાની હાલની કચેરીનો ચાર્જ સોંપી નિયત સમયમર્યાદામાં નવી જગ્યાએ હાજર થવાનુ રહેશે. વહીવટી કામગીરીમાં કોઈ વિલંબ ન થાય તે માટે સંબંધિત અધિકારીઓને પણ જરૂરી સૂચનાઓ આપવામાં આવી છે. બદલી અને જોડાણની સમગ્ર પ્રક્રિયા વિભાગની e-HRMS સિસ્ટમ મારફતે પૂર્ણ કરવાની રહેશે. વિભાગનું માનવુ છે કે અનુભવી કર્મચારીઓને ઉચ્ચ જવાબદારી મળવાથી કામગીરી વધુ ઝડપી અને અસરકારક બનશે. નવા હોદ્દા પર નિયુક્તિ મળતા કર્મચારીઓમાં ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે અને વિભાગની કામગીરીમાં વધુ ગતિ આવશે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી રહી છે.

## રાજ્યમાં નવી ૬ જિલ્લા શિક્ષણાધિકારી કચેરીઓ શરૂ, ઈન્ચાર્જ DEOની નિમણૂકના આદેશ

અમદાવાદ,તા.૦૪

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા મોટા જિલ્લાઓમાં વહીવટી કામગીરીને વધુ અસરકારક બનાવવા માટે નવી ૬ જિલ્લા શિક્ષણાધિકારી કચેરીઓ શરૂ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. મોટા જિલ્લાઓની હાલની કચેરીઓનું વિભાજન કરીને ગ્રામ્ય અને વિસ્તારવાર નવી કચેરીઓ ઉભી કરવામાં આવી છે. નવી કચેરીઓમાં નિયમિત જિલ્લા શિક્ષણા ધિકારીઓની નિમણૂક થાય ત્યાં સુધી ઈન્ચાર્જ DEO તરીકે વધારાનો ચાર્જ સોંપતા આદેશો જાહેર કરવામાં આવ્યા છે. અમદાવાદ




પૂર્વ જિલ્લા શિક્ષણાધિકારી તરીકે અમદાવાદ શહેરના જિલ્લા શિક્ષણાધિકારી રોહિત ચૌધરીને વધારાની જવાબદારી સોંપાઈ છે. ગાંધીનગર ગ્રામ્ય માટે ભગવાન પ્રજાપતિ, વડોદરા ગ્રામ્ય માટે મુકેશકુમાર પાંડે, સુરત ગ્રામ્ય માટે ભગીરથસિંહ પરમાર, કચ્છ અંજાર માટે સંજય પરમાર અને રાજકોટ ગ્રામ્ય માટે દીક્ષિત પટેલને ઈન્ચાર્જ જિલ્લા શિક્ષણાધિકારી તરીકે વધારાનો ચાર્જ સોંપવામાં આવ્યો છે. આ નિર્ણયથી જિલ્લાવાર શિક્ષણ વહીવટ વધુ ઝડપી અને સુવ્યવસ્થિત બનવાની અપેક્ષા વ્યક્ત કરવામાં આવી રહી છે.

## રાજુલામાં ૪ ઈંચ વરસાદથી જળબંબોળની સ્થિતિ

રાજુલા, તા.૦૪

રાજુલા અને જાફરાબાદ તાલુકામાં શનિવારે મેઘમહેર જોવા મળી હતી. વહેલી સવારથી શરૂ થયેલો વરસાદ બપોરે કડાકા-ભડાકા સાથે ધોધમાર વરસ્યો હતો. રાજુલા શહેરમાં અંદાજે ૪ ઈંચ વરસાદ નોંધાતા અનેક નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. નિશાળવાળો વિસ્તાર, એસટી બસ સ્ટેન્ડ, હવેલી, ચોક, શ્રીજી નગર અને રેનબો વિસ્તારમાં પાણી



તસવીર : ગોપાલ રાઠોડ

ઘૂસી જતાં લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. ભારે વરસાદના કારણે શહેરમાં વીજ પુરવઠો પણ ખોરવાયો હતો. ગ્રામ્ય વિસ્તારોમાં પણ સારો વરસાદ વરસતા તળાવો છલકાયા અને ડેમોમાં નવા પાણીની આવક શરૂ થઈ હતી. જાફરાબાદ તાલુકામાં કુલ દોઢ ઈંચથી વધુ વરસાદ નોંધાયો હતો. વરસાદી માહોલ વચ્ચે દરિયો પણ તોફાની બનતા જાફરાબાદ બંદરે ૩ નંબરનું સિગ્નલ લગાવવામાં આવ્યું હતું. વાવણીલાયક વરસાદથી ખેડૂતોમાં ખુશી જોવા મળી હતી.

**વરસાદમાં પોલીસની સુંદર કામગીરી**

રાજુલા પોલીસના અધિકારીઓ અને જવાનોએ સેવાભાવ દાખવીને પાણીમાં ઉતરી લોકોને સુરક્ષિત સ્થળે પહોંચાડવાની કામગીરી હાથ ધરી હતી. પાણીના જોરદાર પ્રવાહ વચ્ચે પોલીસ જવાનોએ સાંકળ બનાવી ફસાયેલા લોકોને બહાર કાઢ્યા હતા. ઉપરાંત પાણીમાં અટવાયેલા વાહનોને સુરક્ષિત રીતે બહાર કાઢવા માટે પણ સતત કામગીરી કરવામાં આવી હતી. આ કામગીરીમાં સ્થાનિક સેવાભાવી યુવાનો પણ પોલીસ સાથે ખભેખભા મિલાવી જોડાયા હતા. પોલીસ અને યુવાનોના સંયુક્ત પ્રયાસોથી અનેક લોકોને સમયસર મદદ મળી હતી.

## લોક ગાયક હકાભા ગઢવીનો જેતપર ખેડૂત આંદોલનમાં આર્થિક સોદાબાજીનો ગંભીર આક્ષેપ

મોરબી,તા.૦૪

જાણીતા લોકગાયક હકાભા ગઢવીએ જેતપર આંદોલનના આગેવાન નિલેશ એરવાડિયા પર આંદોલનના નામે સરકાર પાસે રૂ.૨૫ કરોડ માંગવાનો અને રૂ.૨ કરોડ એડવાન્સ લેવાનો ગંભીર આક્ષેપ કર્યો છે. હકાભાએ કથિત વાતચીતનું રેકૉર્ડિંગ હોવાનો દાવો કરી પરિવારની સુરક્ષા અને નાર્કો ટેસ્ટની માંગ કરી છે. બીજી



તરફ, નિલેશ એરવાડિયાએ આ આક્ષેપોને પાયાવિહોણા ગણાવી એફએસએલ તપાસનો પડકાર ફેંક્યો છે.

**રાજકોટમાં પ્લોટ જોઈએ છે**
રાજકોટ આસપાસના ગામના સર્વે નંબરમાં કાલાવડ રોડ, વડવાજડી, વિરડાવાજડી, હરીપર, ઈશ્વરીયા, વાગુદળ, અમરેલી, મોટાવડા, દેવગામ, છાપરા તેમજ મોરબી રોડ, હડાળા, રતનપર, કાગદડી, ખોરાણા, જાળીયા, તેમજ કુવાડવા રોડ, નાગલપર, પિપડીયા ગામના સર્વેમાં વેચવા સંપર્ક કરો.
• કિર્તીભાઈ કંસારા •
Mo. 98251 60974 • 70467 10111

naari HOSPITAL હોસ્પિટલ
આકર્ષક પગારથી સ્ટાફની જરૂર છે
મેડીકલ ઓફીસર (BHMS / BAMS) દિવસ માટે (લેડીઝ)
આપની CV 9157221324 નંબર ઉપર વોટ્સઅપ કરવું અથવા રૂબરૂ મળવું
naari HOSPITAL હોસ્પિટલ
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
naarihospitalamreli@gmail.com

## રાજકોટ શહેરમાં સગીરાને ગર્ભવતી બનાવ્યા બાદ ગર્ભપાત કરાવતા ચકચાર

રાજકોટ,તા.૦૪

રાજકોટમાં ધોરણ-૧૨માં અભ્યાસ કરતી સગીરાને પ્રેમજાળમાં ફસાવી દુષ્કર્મ આચરવાનો અને ન્યૂડ વીડિયો વાયરલ કરવાની ધમકી આપી બ્લેકમેઈલ કરવાનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. આરોપી હર્ષદસિંહ દેવધરીયા અને તેના સગીર ભત્રીજાએ સગીરાને રાજકોટના સરકારી ક્વાર્ટરમાં બોલાવી વારંવાર શારીરિક શોષણ કર્યું હતું. સગીરા ગર્ભવતી બનતા આરોપીઓએ તેને દવાઓ ખવડાવી પરાણે ગર્ભપાત કરાવ્યો હોવાનો પણ ગંભીર આરોપ છે. અંતે



સગીરાએ પરિવારને જાણ કરતા યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં પોક્સો સહિતની કલમો હેઠળ ફરિયાદ નોંધાઈ છે. પોલીસે બંને આરોપીઓની ધરપકડ કરી તેમના મોબાઈલ ફોન અને ડિજિટલ પુરાવા કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે. આ ઘટનાએ ફરી એકવાર સગીરાઓની સુરક્ષા અને સોશિયલ મીડિયાના દુરુપયોગ અંગે ગંભીર પ્રશ્નો ઉભા કર્યા છે.

નિલકંઠ જ્વેલર્સ®
ઇનામોની વણઝાર
રૂ. ૧૦,૦૦૦ કે તેથી વધુ સોનાના તથા ચાંદીના દાગીનાની ખરીદી કરો અને મેળવો લાખોના ઈનામો જીતવાની તક
૫૦૧ ઈનામો
તા. ૦૧-જુન, ૨૦૨૬ થી તા. ૧૫-ફેબ્રુઆરી ૨૦૨૭ સુધી
સોનાના ૨૨ કેરેટ હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે 63 56 56 0000 મીસકોલ કરો અને SMS થી ભાવ જાણો.
અમરેલી: માણેકપરા, અમરેલી Mo. 9601898981 Mo. 9825091721
રાજકોટ: પેલેસ રોડ, ભગવતી ફાસ્ટ ફુડની સામે, રાજકોટ. Mo. 95375 25000